Banking 11

Banking 11
Unit:-4
Sem:-6
Namita Bhatt

[૧] પ્રાસ્તાવિક :

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે બેંકના બે મુખ્ય કાર્ય નીચે મુજબના છે ઃ
૧. જેમની પાસે વધારાના નાણાં હોય તેમની પાસેથી તે નાણાં થાપણ તરીકે સ્વીકારવા,

૨. જેમને નાણાંની જરૂરિયાત હોય તેમને ધિરાણ આપવું.

સ્વીકારેલી થાપણ પર બેંક જે દરે વ્યાજ આપે છે તે દર અને ધિરાણ પર જે દરે વ્યાજ વસૂલ કરવામાં આવે છે તે દર જૂદા જૂદા હોય છે. ધિરાણ પર વસૂલ કરવામાં આવતો વ્યાજનો દર થાપણ પર ચૂકવવામાં આવતા વ્યાજનાં દર કરતાં વધારે હોય છે. આ બે દર વચ્ચેનો તફાવત એ બેંકની આવકનું મુખ્ય સાધન છે. સામાન્ય વેપારીની માફક બેંક પણ એના વિવિધ પ્રકારના વ્યવહારો-નાણાં ઉછીના લેવા, નાણાંનું ધિરાણ કરવું અને નાણાંનું રોકાણ કરવું-માંથી નફો કમાવાનો ઉદેશ રાખે છે.

બેંક ધિરાણ કરવાના ઉદ્દેશથી અથવા રોકાણ કરવાના ઉદેશથી જાહેર જનતા પાસે નાણાં ઉછીનાં લે છે. બેંકનું એક મહત્વનું કાર્ય વેપારીઓ, ઉદ્યોગપતિઓને ધિરાણ કરવાનું છે. બેંક એની આવકનો મોટો ભાગ આ ધિરાણમાંથી જ મેળવે છે. આથી જ બેંકની દૃષ્ટિએ થાપણ મેળવવાનું કાર્ય જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ ધિરાણ કરવાના કાર્યનું છે. બેંક એનાં કરે છે એના પરથી બેંકની અસ્કયામતોનું માળખું નક્કી થઈ શકે. ભંડોળનું કેવી રીતે રોકાણ આને બેંકની પૉર્ટફોલિયો નીતિ (portfolio policy) કહેવામાં આવે છે. બેંકનો પૉર્ટફોલિયો એની અસ્કયામતોનું વ્યવસ્થિત આયોજન દર્શાવે છે. પરંતુ અસ્કયામતોની વહેંચણીનો કોઠે એક પ્રકાર દરેક બેંકને દરેક સમયે અનુકૂળ હોઈ શકે નહી. બેંકની અસ્કયામતોની વહેંચણી અથવા રોકાણનીતિ જુદા જુદા અનેક પરિબળો પર આધાર રાખે છે. બેંકનાં રોકાણને અસર કરતું મહત્વનું પરિબળ બેંકને મળતા ભંડોળનો પ્રકાર છે. જો બેંક ને કાયમી પ્રકારનું ભંડો મળ્યું હોય તો બેંક વધારે નફાકારક મિલકતો પ્રાપ્ત કરવામાં ભંડોળનો ઉપયોગ કરી શકે. પણ જો બેંકનું ભંડોળ માગતા તરત જ ચૂકવવું પડે (demand liability) એવા પ્રકારનું હોય તો બેંકે ભંડોળના મોટા ભાગની રકમ રોકડમાં રાખવી પડે છે.

બેંકના ભંડોળના પ્રાપ્તિસ્થાનો નીચે મુજબ ગણાવી શકાય :

૧. ભરપાઈ થયેલી શેર થાપણ.

૨. અનામત ભંડોળ અને નફાનુક્શાન ખાતાની બાકી.

૩. થાપણો

૪. ઉછીના મેળવેલા નાણાં (રિઝર્વ બેંક, આઈ ડી બી આઈ તથા અન્ય વેપારી બેંકો પાસેથી મેળવેલ ધિરાણ).
પહેલા બે પ્રાપ્તિસ્થાનોમાંથી સ્વમાલિકીનું ભંડોળ (owned funds) બને છે. જ્યારે

છેલ્લા બે પ્રાપ્તિ સ્થાનોમાંથી ઉછીનું ભંડોળ (Borrowed funds) બને છે. બૅંકના કામકાજ પર સ્થાનિક પરિબળોની અસર પણ ઘણા મોટા પ્રમાણમાં પડે છે. જુદા જુદા દેશોની આર્થિક અને નાણાકીય પરિસ્થિતિ જુદા જુદા પ્રકારની હોય છે. આની અસર બેંકોની રોકાણનીતિ પર પડે છે.

આથી બેંકોની રોકાણનીતિ જુદા જુદા દેશોમાં જુદી જુદી હોય છે. એક જ દેશના જુદા જુદા પ્રદેશોમાં પણ જુદી જુદી નીતિ હોઈ શકે. એનો આધાર બેંકના ભંડોળનો પ્રકાર અને ધિરાણના હેતુઓ પર રહે છે. દા.ત, આપણા દેશમાં વેપારી બેંકોના રાષ્ટ્રીયકરણ પહેલાં બૅંકોનો અભિગમ વધારે નફો કમાવાનો અને એના શૅરહોલ્ડરોને સારા દરે ડિવિડન્ડ ચૂકવવાનો હતો. બેંકો સાચા અર્થમાં દેશની જરૂરિયાતો સંતોષી શકતી ન હતી. ધિરાણની સલામતી એમને માટે મહત્વની વસ્તુ હતી. આથી દેશનો કચડાયેલો અને ગરીબ વર્ગ તો બેંક ધિરાણનો કોઈ લાભ મેળવી શકે એમ હતો જ નહીં.

વીસ મોટી વ્યાપારી બેંકોના રાષ્ટ્રીયકરણ પછી આ પરિસ્થિતિમાં ફેર પડ્યો છે. બેંકોનો અભિગમ બદલાઈ ગયો છે. પોતાના નાણાંની સલામતી અને મહત્તમ નફો કમાવાની નીતિને બદલે હવે બેંકોએ સમાજના સાધનહીન અને જરૂરિયાત મંદોને ધિરાણ કરવાની નીતિ અપનાવી છે.નાના નાના ઉદ્યોગપતિઓ, ટેકનિશિયનો, ઍન્જિનિયરો, તેજસ્વી વિદ્યાર્થીઓ તથા નવા સાહસિકો (enterprenures)ને તેમની સિદ્ધિ માટે જોઈતાં નાણાં બેંકો તરફથી ઘણી સરળ શરતોએ મળી શકે છે. ધિરાણની પસંદગી કરવામાં ધિરાણપાત્રતાનું મહત્વ હવે ઓછું થયું છે. સમાજ કલ્યાણ ને ઉત્પાદકતા માટેનાં ધિરાણને હવે પ્રથમ પસંદગી મળે છે. બેંકોની અ યોજના હેઠળ કેટલાયે નાના વેપારીઓ અને કારીગરો ધિરાણ મેળવીને પગભર થઈ શક્યા રાષ્ટ્રીયકૃત બેંકો માટે નફો એ મહત્ત્વની વસ્તુ રહી નથી પરંતુ સમાજ કલ્યાણ તથા સાધનથી જરૂરિયાતમંદોને આર્થિક સહાય આપી પગભર બનાવવાના કાર્ય મુખ્ય રહ્યા છે. આ ઉદેશથી નાનાં નાનાં ગામડાઓમાં પણ રાષ્ટ્રીયકૃત બેંકોની શાખાઓ ખોલવામાં આવી છે

[૨] ધિરાણના હેતુઓ

બેંકો હારફથી મુખ્યત્વે કરીને નીચેના હેતુઓ માટે ધિરાણ આપવામાં આવે છે : ૧. વેપારીઓ તથા ઉદ્યાગપતિઓને તેમના વેપારધંધા, ઉદ્યોગો માટે ધિરાણ આપવું.

૨. ડૉકટર-ઍન્જિનિયર જેવા વ્યવસાયિકોને તેમના વ્યવસાય માટે ધિરાણ આપવું. ૩. રેફ્રિજરેટર, સ્કૂટર, મોટર જેવી ટકાઉ વપરાશી વસ્તુઓ ખરીદવા માટે ધિરાણ આપવું.

૪. પોતાના ગ્રાહકની અંગત જરૂરિયાત માટે ધિરાણ આપવું. ૫. રાષ્ટ્રીય નીતિ અનુસાર સામાજિક ઉત્થાન માટે ધિરાણ આપવું.

બેંકને એની આવકનો મોટો ભાગ આ ધિરાણમાંથી જ મળે છે. વળી ધિરાણ ને કારણે બેંકનો સમાજ સાથે ગાઢ સંબંધ બંધાય છે. બેંકની અસરકારક અને સંગીન ધિરાણનીતિના કારણે અર્થતંત્રના મહત્ત્વના વિભાગને યોગ્ય સમયે વ્યાજબી પ્રમાણમાં નાણાંકીય ભંડોળ મળી રહે છે જેના પરિણામે દેશના આર્થિક વિકારાને ઉત્તેજન મળે છે. જો બેંકની ધિરાણનીતિ યોગ્ય રીતે નક્કી કરવામાં આવી નહીં હોય તો બેંકને માટે એનાં નાણાં ગુમાવવાનો પ્રસંગ આવે એ પણ શક્ય છે.

વેપારી બૅંકો ધર્માદા સંસ્થા નથી. એનો ઉદ્દેશ મહત્તમ નફો કમાવાનો છે.એની પાસે જે ભંડોળ એકત્રિત થયું હોય તેને જુદા જુદા પ્રકારની મિલકતોમાં રોકાણ કરવાનો પ્રશ્ન બેંકને માટે ખૂબ મહત્ત્વનો છે. બૅંકરની ડહાપણ ભરેલી, અગમચેતીવાળી અને વ્યવહારિક અનુભવના આધારે ઘડાયેલી ધિરાણ નીતિ થાપણની સંપૂર્ણ સલામતીની ખાત્રી આપે છે. કોઈ પણ બેંકર પોતાનું ધિરાણ પરત નહી આવે અને બેંકને નાણાં ગુમાવવાનો પ્રસંગ ઉભો થાય એવી ઈચ્છા નહી રાખે. બેંકની સદ્ધરતાનો આધાર એના ભંડોળના જુદી જુદી મિલકતોમાં કરેલા વ્યાજબી રોકાણ પર આધાર રાખે છે.

ધિરાણના ધંધામાં પણ સ્વાભાવિક રીતે જોખમો તો છે જ. બેંકનું મોટા ભાગનું ભંડોળ ઉછીના મેળવેલ નાણાંનું બનેલું હોય છે. આથી બેંક એના ભંડોળનું ધિરાણ કરતી વખતે ગેરવ્યાજબી જોખમ લઈ શકે નહીં. બેંકરે એનાં નાણાંનું ધિરાણ કરવામાં સાવચેતી ભરેલી નીતિ અપનાવવાની હોય છે. એનું જોખમ શક્ય હોય તેટલું ઓછું થાય તે માટે એણે સંગીન ધિરાણના સામાન્ય સિદ્ધાંતોનું પાલન કરવાનું હોય છે.

[3] સંગીન ધિરાણ માટેના સામાન્ય સિદ્ધાંતો (General Principles of Sound Lending) :-

પોતાનું ધિરાણ સંગીન બને અને નાણાં ગુમાવવાનો પ્રસંગ ઉભો ન થાય એ માટે દરેક બેંક અમુક સિદ્ધાંતો ધ્યાનમાં રાખે છે. ધિરાણ માટેની અરજીની ધિરાણપાત્રતા નક્કી કરવા માટે પણ બેંકો આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લે છે. સંગીન અથવા સારા ધિરાણના મુખ્ય સિદ્ધાંતો નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) સલામતી-Safety

(૨) તરલતા-Liquidity
(3) નફાકારકતા-Profitability
(૪) લોનનો હેતુ-Purpose of Loan
(૫) જોખમની વિવિધતા અથવા પ્રસાર-Diversifacation

(૬) તારણ અથવા જામીનગીરી-Security
(૭) રાષ્ટ્રીય હિત-National Interest

(૧) સલામતી (Safety) :

ધિરાણ કરતી વખતે સલામતી સૌ પ્રથમ"(Safety First)નો સિદ્ધાંત ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ, કારણ કે બેંકના અસ્તિત્વનો આધાર એના ધિરાણની સલામતી પર રહે છે. આથી સલામતીના ભોગે નફાકારકતાને બેંકરે મહત્ત્વ આપવું જોઈએ નહીં. બેંકને એના ગ્રાહક તરફથી જે થાપણો મળે છે તે અગાઉથી નિયત કરવામા આવેલા વ્યાજના દરે પરત કરવાની બૅંકર બાંહેધરી આપે છે. એક રીતે જોઈએ તો બેંકર જાહેર જનતાનાં નાણાંના ટ્રસ્ટી જેવો છે. ધિરાણ આપતી વખતે થાપણદારોના ભંડોળ પલામતીની ખાતરી બેંકરે મેળવવી જ જોઈએ. આથી જોખમી સાહસમાં રોકાણ કરવાથી વધારે આવક મળી શકે એમ હોય તો પણ બેંકર એવું જોખમ ઉઠાવી શકે નહી. આથી જ મોટા ભાગની બેંકો ઓછું વ્યાજ મળતું હોવાં છતાં સલામત હોવાને કારણે તેમનાં નાણાં સરકારી જામીનગીરીઓમાં રોકે છે.

જો ધિરાણ લેનાર ધિરાણની શરતો અનુસાર વ્યાજ સાથે ધિરાણની રકમ પરત ભરપાઈ કરવાને શક્તિમાન હોય તો તેવા ધિરાણને સલામત ધિરાણ કહી શકાય. જો બેંકર ધિરાણની સલામતી અંગે ખાતરી મેળવવા માંગતો હોય તો તેણે ધિરાણ લેનારના ચારિત્ર્ય, શકિત અને મૂડી (Three c's: character, capacity and capital) અંગે બરાબર ચકાસણી કરવી જોઈએ. લોન પરત ભરપાઈ થવાનો આધાર દેવાદારની (૧) પરત ભરપાઈ કરવાની શકિત (capacity to pay) અને (૨) પરત ભરપાઈ કરવાની તેની ઈચ્છા (willingness to pay) પર રહે છે. પરત ભરપાઈ કરવાની દેવાદારની શક્તિનો આધાર તેની તરલ મિલકતો અને ધંધાની સફળતા પર રહે છે. પરત ભરપાઈ કરવાની દેવાદારની ઈચ્છા તેની પ્રમાણિકતા અને ચારિત્ર્ય પર આધાર રાખે છે. આથી જે ધંધા માટે ધિરાણ કરવાનું હોય તેની પસંદગી કરવામાં બેંકરે ધ્યાન રાખવું જોઈએ. ધંધો સંગીન (sound) છે અને ધિરાણ લેનાર તે સફળતાથી ચલાવી શકે તેમ છે તેમજ ધિરાણ લેનાર ઈમાનદાર, સારા ચારિત્ર્યવાળો અને શાખ પ્રતિષ્ઠાવાળો છે એની બેંકરે ખાતરી કરવી જોઈએ.

ધિરાણ કરતી વખતે જો બેંકર સલામતીના સિદ્ધાંતનો ખ્યાલ નહી રાખે તો તે મુશ્કેલીમાં મુકાય છે. બેંકરને એનું ભંડોળ ગુમાવવાનો પ્રસંગ ઉભો થાય છે અને આથી તે પોતાના થાપણદારને એમની લેણી રકમ પૂરેપૂરી ચૂકવી શકે નહીં. જેના પરિણામે સમગ્ર બૈંકિંગ પદ્ધતિમાંથી થાપણદારોનો વિશ્વાસ ઉઠી જાય છે.

આથી બેંકરે એનાં ભંડોળનું રોકાણ કરવામાં ખૂબ સાવચેત રહેવું જોઈએ (Caution is the essence of successful lending.

(૨) તરલતા (Liquidity) :

બેંકર જાહેર જનતા પાસેથી થાપણો મેળવે છે. થાપણની શરત અનુસાર થાપણની રકમ રોકડમાં ચૂકવી આપવાની તે બાંહેધરી આપે છે. થાપણ પાકે ત્યારે થાપણની થાપણદારોને રકમ રોકડમાં ચૂકવવા માટે બેંક શક્તિમાન હોય તો એમ કહેવાય કે બેંકની સ્થિતિ તરલ (Liquid) છે. થાપણના બદલામાં રોકડ રકમ ચૂકવવાની બેંકની શક્તિ એટલે તરલતા (Liquidity is the capacity of the bank to pay cash in exchange of deposits.) એના ગ્રાહકની માંગ સંતોષવા માટે બેંકરે જરૂરી રોકડ હાથ પર રાખવી જોઈએ. જો બેંક એનું તમામ ભંડોળ રોકડમાં રાખે તો એના પર અને કાંઈ આવક મળતી નથી. આથી બેંકે એના ભંડોળની રકમ એવી મિલકતોમાં રોકવી જોઈએ જે ખૂબ તરલ હોય અને કોઈ પણ પ્રકારના નુકશાન વગર તેને રોકડમાં ફેરવી શકાય એમ હોય. પ્રો. સેયર્સ (Prof. Sayers)ના શબ્દોમાં જોઈએ તો Liquidity is the word which the banker uses to describe his ability to satisfy demand for cash in exchange of deposits.

મેર્નિંગ ડેસીના શબ્દોમાં કહીએ તો "જો કોઈ મિલકતના માલિકને ખાતરી હોય કે તે તેની મિલકતને ટૂંકી નોટિસે અને કોઈ પણ પ્રકારના નુકશાન વગર રોકડમાં ફેરવી શકે તેમ છે તો તે મિલકત સંપૂર્ણ તરલ મિલકત કહેવાય."

મેનિંગ ડેસી તરતાને ફેરબદલી કરવાની શક્તિ (Shiftability)નાં સંદર્ભમાં સમજાવે છે. એના મત પ્રમાણે જો કોઈ મિલક્ત દેશની મધ્યસ્થ બેંકને આપી શકાય, ફેરવી શકાય અથવા વેચી શકાય તો તે મિલકત ખરેખર તરલ ગણાય. આનો આધાર જે તે દેશની મધ્યસ્થ બેંકના તે માટેની પાત્રતાના નિયમો પર છે. આમ મેર્નિંગ ડેસીના મત પ્રમાણે જે મિલકતો દેશની મધ્યસ્થ બેંકના પાત્રતાના નિયમો સંતોષે તે મિલકતો ખરેખર તરલ ગણાય.

સદ્ધરતા (solvency) અને તરલતા (liquidity) વચ્ચેના તફાવતનો ખ્યાલ વિદ્યાર્થીઓને હોવો જરૂરી છે. જો બેંકરની મિલકત તેનાં દેવા કરતાં વધારે અથવા ઓછામાં ઓછી તેનાં દેવાં જેટલી જ હોય તો તે બેંક સદ્ધર કહેવાય. જો બેંકની મિલકતોનું સહેલાઈથી અને કોઈ પણ પ્રકારનાં નુકસાન વગર રોકડમાં રૂપાંતર થઈ શકે એમ હોય તો બેંક તરલ છે એમ કહી શકાય. બેંક સાર અને તરલ હોવી જોઈએ.

(૩) નફાકારકતા (Profitability) : બેંકો પણ ધંધાકીય સંસ્થા છે અને દરેક ધંધાકીય સંસ્થાની માફક બેંકોનો ઉદ્દેશ પણ નફો કમાવાનો છે. બેંકોને એમની મૂડી શેરહોલ્ડરો પાસેથી મળે છે. શેરહોલ્ડરોને એમના શેર પર ડિવિડન્ડ ચૂકવવા માટે પણ બેંકોએ નફો કમાવો પડે છે. જાહેર ક્ષેત્રની બેંકોનો અભિગમ સેવાનો હોવાં છતાં પણ જો તેમણે તેમનાં અસ્તિત્વની યથાર્થતા દર્શાવવી હોય તો નફો કમાવો જરૂરી છે. બેંક એના ભંડોળનું નફાકારક રોકાણ કરે નહીં ત્યાં સુધી આ શક્ય નથી. બેંકને જે આવક થાય છે એમાંથી બેંકે ડિપોઝિટ પર વ્યાજ, સ્ટાનો પગાર, તથા અન્ય વહીવટી ખર્ચ ચૂવવાનાં હોય છે અને અનામત ભંડોળ ઊભું કરવાનું હોય છે. ત્યાર પછી વધેલી રકમમાંથી શેરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવી શકાય. જો એના રોકાણ પર બેંકને ઊંચા દરે વળતર મળે તો તેને તકો વધારે થાય. બેંકને માટે વધારે નફો કમાવાનું આવશ્યક હોવાં છતાં વધારે નફો મેળવવા માટે ધિરાણની સલામતી અથવા તરલતા જોખમમાં મુકવી એ ધિરાણનો સાચો સિદ્ધાંત નથી. આથી જો કોઈ શંકાસ્પદ વ્યક્તિ ઊંચા દરે વ્યાજ ચૂકવવા તૈયાર હોય તો પણ બેંકે એ/ વ્યક્તિને ધિરાણ કરવું જોઈએ નહીં.

બેંક ધિરાણના દરનો આધાર બેંક દર (Bank Rate) પર રહે છે. બેંક દર મધ્યસ્થ બેંક- રિઝર્વ બેંકના અંકુશ હેઠળ છે. જુદા જુદા પ્રકારના ધિરાણ પર લેવાના વ્યાજના મહત્તમ દર અંગે રિઝર્વ બેંક તરફથી વખતોવખત આદેશો બહાર પાડવામાં આવે છે. એની મર્યાદામાં રહીને બેંકો ધિરાણનો દર નક્કી કરે છે. તરલતા અને નફાકારકતા એ બે એકબીજાથી વિરોધી છે. નફાકારકતાના ભોગે જ તરલતા મેળવી શકાય અને તરલતાના ભોગે જ નફાકારકતા મેળવી શકાય.. દા.ત. રોકડ એ સૌથી તરલ મિલકત છે પણ બેંકરને એમાંથી કાંઈ આવક મળતી નથી. તે જ પ્રમાણે લોન અને ધિરાણ એ બેંકને ઊંચા દરે આવક મેળવી આપે છે પણ તેની તરલતા પ્રમાણમાં ઓછી છે. તેનું રોકડમાં તાત્કાલિક રૂપાંતર થઈ શકતું નથી. આમ જેમ મિલકતની તરલતા વધારે તેમ તેની નફાકારકતા ઓછી. જો બેંક બધી થાપણ રોકડમાં રાખેતો તે સૌથી વધુ તરલ છે પણ બેંકને કાંઈ નફો મળતો નથી. ઊલટું બેંક ખોટમાં જાય છે.જો બેંક થાપણની પૂરેપૂરી રકમનો ઉપયોગ ઉત્પાદકો અને વેપારીઓને ધિરાણ આપવામાં કરે તો તેને મહત્તમ નફો થાય છે. પણ થાપણદારો માંગે ત્યારે તરતજ થાપણની રકમ પરત થઈ શકતી નથી. થાપણદારો બેંકમાંથી વિશ્વાસ ગુમાવી દે છે જેના પરિણામે છેવટે બેંક બંધ કરવાનો વખત આવે છે. આમ, તરલતા અને નફાકારકતા એ બે હરિફ પરિબળો છે જેનો બેંકરે યોગ્ય રીતે સમન્વય સાધવાનો છે. બેંકે થોડી મિલકતો એવી રાખવી જોઈએ કે જે ખૂબ તરલ હોય પણ જેની નફાકારકતા ઓછી હોય જેથી થાપણદારોની રોજરોજની માંગણી સહેલાઈથી સંતોષી શકાય. બીજી થોડી મિલકતો એવી રાખવી જોઈએ કે જે ખૂબ નફાકારક હોય પણ પ્રમાણમાં ઓછી તરલ હોય. આમ થાપણદારોની માંગણી ચૂકવવા માટે બેંક પાસે પૂરતી રોકડ પણ રહેશે અને ધંધો ચલાવવા માટે તથા શૅરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવવા માટે જરૂરી નફો પણ બેંક કરી શકશે. ક્રાઉથરના શબ્દોમાં જોઈએ તો, "The secret of successful bandng is to distribute between various forms of assets in such a way as to let a sound balance between liquidity and profitability so that there is sufficient cash to meet the claims of the depositors and at the same time there is enough income from the assets to meet its expenses and distribute profits among the shareholders".

(૪) લોનનો હેતુ (Purpose of Loan) :

લોન કયા હેતુ માટે લેવામાં આવે છે તેની પણ બેંકરે તપાસ કરવી જોઈએ. લોન જે હેતુ માટે લેવામાં આવતી હોય તે અને જે સાધનમાંથી લોનની રકમ પરત કરવામાં આવનાર છે. તેના પર લોનની તરલતા અને સલામતીનો આધાર રહે છે. જો ઉત્પાદક હેતુ માટે વિરાર આપવામાં આવે તો તે પરત ભરપાઈ થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. અને ધિરાણની સલામતી જળવાઈ રહે છે. પણ જો સટ્ટાખોરીના હેતુ માટે ધિરાણ આપવામાં આવ્યું હોય તો ધિરાણની કમ પરત આવવાની શક્યતા શંકાસ્પદ છે અને બેંકર મુશ્કેલીમાં મુકાઇ જવાની શકયતા રહે છે. તે જ પ્રમાણે સામાજિક પ્રસંગોએ કરવામાં આવતા ખોટા ખર્ચા માટે આપવામાં આવતું ધિરાણ પણ બિનઉત્પાદક છે અને બેંકો આવું ધિરાણ બને ત્યાં સુધી આપતી નથી. બેંકની થાપણ એક અર્થમાં જોઈએ તો રાષ્ટ્રીય બચતનો એક ભાગ છે અને આથી એનો ઉપયોગ રાષ્ટ્ર અને સમાજને ઉપયોગી કાર્યો માટે કરવામાં આવે એ ઈચ્છનીય છે.

(૫) જોખમની વિવિધતા અથવા પ્રસાર (Diversification

of Risk) : સહર ધિરાણનો એક મહત્વનો સિદ્ધાંત એ છે કે બેંકરે એનું ધિરાણ વિવિધ પ્રકારના ધંધામાં અથવા ઉદ્યોગોમાં કરવું જોઈએ જેથી એનાં જોખમનું પ્રમાણ ઘટે. બેંકરે એનું તમામ ધિરાણ એક જ ઉદ્યોગ અથવા એકજ પ્રકારના ધંધામાં કે ઉદ્યોગમાં કરવું જોઈએ નહી. D not put all your eggs in the same basket. તમારા બધાં ઈંડાં એક જ ટોપલીમાં નહીં મૂકો કારણ કે જો ટોપલી ઊંધી વળી જાય તો બધાં ઈંડા ભાંગી જાય. બેંકરે પોતાનું ધિરાણ જુદા જુદા પ્રકારના ધંધામાં અથવા ઉદ્યોગોમાં કરવું જોઈએ જેથી કોઈ એક ધંધા - ઉદ્યોગને કરવામાં આવેલા ધિરાણની વસૂલાતમાં મુશ્કેલી નડે તો પણ બેંકર મોટી મુશ્કેલીમાં મુકાઈ જાય નહી અને તેની આર્થિક સ્થિરતા જોખમાય નહી. આથી બેંકરે એનું ધિરાણ કોઈ એક વિસ્તાર કે ઉદ્યોગમાં જ કરવાને બદલે એના ભંડોળની વહેંચણી વિવિધ ઉદ્યોગોમાં અને વિશાળ ભૌગોલિક વિસ્તારમાં કરવી જોઈએ.

થોડીક જ વ્યક્તિને મોટી રકમના ધિરાણ કરવાને બદલે વધારે વ્યક્તિઓને Moderate ધિરાણ કરવાનું વધારે હિતાવહ છે. ઇંગ્લૅન્ડની બેંકોની અગાઉની નિષ્ફળતાનું મુખ્ય કારણ આજ હતું. ભારતમાં પણ મોટે ભાગે એકજ વ્યક્તિના અંકુશ હેઠળના ઉદ્યોગો - ધંધાઓને કરવામાં આવેલું મોટું ધિરાણ જ બેંકોની નિષ્ફળતા માટે જવાબદાર છે. અમેરિકામાં તો બેંક કોઇ એક વ્યક્તિ, ભાગીદારી પેઢી કે કંપનીને મહત્તમ કેટલું ધિરાણ કરી શકે તેના પર નેશનલ બેંકિંગ એક્ટ (National Banking Act) મર્યાદા મુકી છે.

(૬) તારણ અથવા જામીનગીરી (Security) :

બેંક તરફથી જે ધિરાણ આપવામાં આવે છે તે માટે સામાન્ય રીતે જામીનગીરી તરીકે અથવા તારણ તરીકે કોઈ મિલકત લેવામાં આવે છે. આવી રીતે મિલકતનાં તારણ અથવા જામીનગીરી પર આપવામાં આવેલ ધિરાણને તારણવાળું ધિરાણ [secured loan] કહેવામાં આવે છે. જો કોઈ મિલકતનાં તારણ અથવા જામીનગીરી વગર ધિરાણ કરવામાં આવ્યું હોય તો તેને તારણ વગરનું ધિરાણ [unsecured loan) કહેવામાં આવે છે.

૧૯૪૯ના બેંકિંગ નિયમન ધારાની કલમ-૫ (૧) (એન) મુજબ secured loan or advance means a loan or advance made on the security of assets, the market value of which is not at any time less than the amount of such loan or advance, and unsecured loan or advance means a loan or advance not so secured.

જો કોઈ મિલક્તનાં તારણ ઉપર ધિરાણ કરવામાં આવ્યું હોય તો દેવાદારની કસૂરના પ્રસંગે એ મિલકતની જામીનગીરીનો ઉપયોગ થઈ શકે. એટલે કે દેવાદારને જરૂરી નોટિસ આપીને અથવા કોર્ટનો આશરો લઈને એ જામીનગીરી વેચીને ધિરાણની રકમ વસૂલ કરી શકાય. આમ તારણમાં લીધેલી મિલકત બેંકરને માટે સંકટ સમયની સાંકળ સમાન છે. પણ કોઈ પણ પ્રકારની મિલકતના તારણ વગર ધિરાણ આપવામાં આવ્યું હોય તો ગ્રાહકની કસૂરના પ્રસંગે બેંકરની પાસે કોઈ સાધન હોતું નથી. આથી જ્યારે તારા વગર ધિરાણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે દેવાદારની શાખ, તારણમાં કોઈ પણ મિલક્ત આપી શકવાની એની અશક્તિનું કારણ, એનું ચારિત્ર્ય, ધિરાણ પરત કરવાની એની શક્તિ અને ખાસ કરીને એનાં મૂડી સાધનો અંગે બેંકરે ચોક્કસ તપાસ કરવી જોઈએ.

(7) રાષ્ટ્રીય હિત (National Interest) :

બેંકો તરફથી કરવામાં આવતું ધિરાણ હંમેશાં રાષ્ટ્રીય હિતના સંદર્ભમાં જ હોવું જોઈએ. રાષ્ટ્રના હિતને હાનિ પહોંચાડે એવા કોઈ પણ હેતુ માટે બેંકોએ ધિરાણ કરવું જોઈએ નહીં આધુનિક સમયમાં બૈંકિંગનો આખો ખ્યાલ જ બદલાઈ ગયો છે અને હવે તારણ અને જામીનગીરી કરતાં રાષ્ટ્રીય હિત અને ધિરાણના હેતુને જ વધારે મહત્ત્વ આપવામાં આવે છે. આપણાં દેશમાં પણ આ ઉદ્દેશથી જ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે, જેથી નાના નાના કારીગરો, નિકાસકારો, કૃષિ માટે ધિરાણ મેળવનારાઓને બેંકના ધિરાણનો લાભ મળી શકે. આપણે ઉપર જે સિદ્ધાંતોની ચર્ચા કરી ગયા તે ધિરાણ માટેના માર્ગદર્શક સિદ્ધાંતો છે. આ

બધા સિદ્ધાંતો એકબીજા સાથે એવી રીતે સંકળાયેલા છે કે એક સિદ્ધાંતની અવગણના કરી બેંકર બીજાં સિદ્ધાંતનું પાલન કરી શકે છે. ધિરાણનું મહત્વ અને તેનાં અનુરૂપ સંજોગોના સંદર્ભમાં કયા સિદ્ધાંતને વધારે મહત્ત્વ આપવું જોઈએ તેનો નિર્ણય બેંકરે કરવાનો છે. જુદા જુદા દૃષ્ટિબિંદુના આધારે ધિરાણના નીચે મુજબ જુદા જુદા પ્રકાર પાડી શકાય કે

[૪] ધિરાણનું વર્ગીકરણ :

(૧) ધિરાણની મુદતના આધારે

(અ) ટૂંકા ગાળાનું ધિરાણ (બ) મધ્યમ ગાળાનું ધિરાણ (ક) લાંબા ગાળાનું ધિરાણ

મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના ધિરાણને મુદતી ધિરાણ (term loan) કહેવામાં આવે છે. (૨) ધિરાણ આપનાર બેંકની સંખ્યાના આધારે :

(અ) એક જ બેંક દ્વારા આપવામાં આવતું ધિરાણ

(બ) એક કરતા વધારે બેંકો દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવતું ધિરાણ (૩) ધિરાણના ક્ષેત્રના આધારે :

(અ) વેપાર-ધંધા-ઉદ્યોગોને કરવામાં આવેલું ધિરાણ (બ) વ્યક્તિગત અથવા અંગત લોન-ધિરાણ

(૪) ધિરાણ સામેના તારણના આધારે :

(અ) તારણવાળું અથવા રક્ષિત ધિરાણ (બ) તારણવગરનું અથવા બિનરક્ષિત

ધિરાણ હવે આપણે ધિરાણના જૂદા જૂદા પ્રકારની ટૂંકમાં ચર્ચા કરીશું

(૧) ધિરાણની મુદતના આધારે વર્ગીકરણ :

(અ) ટૂંકા ગાળાનું ધિરાણ :

જે ધિરાણના નાણાં બાર માસમાં પરત કરવાના હોય તેને ટૂંકા ગાળાનું અથવા ટૂંકમુદતી ધિરાણ કહેવામાં આવે છે. વેપારીઓ, ઉદ્યોગપતિઓ એમની કાર્યશીલ મૂડીની જરૂરિયાત માટે આવું ધિરાણ લે છે.

સામાન્ય રીતે આવું ધિરાણ માલસામાન કે શર-ડિબેન્ચર જેવી મિલ્કતના તારણ સામે આપવામાં આવે છે. બેંકો આવી લોન Roll over એટલે કે લોનની મુદત પુરી થાય એટલે લૉનની મુદત વધારી શકે છે.

(બ) મધ્યમ ગાળાનું ધિરાણ :

એક વર્ષથી ત્રણ વર્ષની મુદતના ધિરાણને મધ્યમ ગાળાનું ધિરાણ અથવા મધ્યમ મુદતનું ધિરાણ કહેવામાં આવે છે. સ્થિર મિલકતો મેળવવા માટે અને કાર્યશીલ મૂડીની જરૂરિયાત સંતોષવા માટે આવું ધિરાણ ઉપયોગી થઈ પડે છે.

(ક) લાંબા ગાળાનું ધિરાણ ઃ

બેંક તરફથી જે ધિરાણ ત્રણ વર્ષની મુદત કરતાં વધારે સમય માટે આપવામાં આવે છે તેવા ધિરાણને લાંબા ગાળાનું ધિરાણ કહેવામાં આવે છે. ધંધાના વિસ્તૃતીકરણ માટે, નવા પ્લાન્ટ-મશીનરી ખરીદવા માટે આવું ધિરાણ લેવામાં આવે છે. લાંબા ગાળાનાં ધિરાણમાં બેંકનું ભંડોળ લાંબા સમય માટે રોકાઈ જતું હોવાથી આવાં ધિરાણ માટે બેંકરે ભંડોળના અમુક જ ભાગનો ઉપયોગ કરવો જોઈએ, જેથી એની તરલતા પર અસર પડે નહી. સામાન્ય રીતે લાંબા ગાળાનાં ધિરાણ પર વ્યાજનો દર પણ ઊંચો હોય છે.

આવી લૉન ઇન્ડસ્ટ્રીયલ ફિનાન્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા જેવી નાણાં સંસ્થા દ્વારા આપવામાં આવે છે. આવી લૉન ઔધોગિક એકમના Project Finance નો એક ભાગ ગણાય છે.

આવી લૉન સામાન્ય રીતે જમીન-મકાન, પ્લાન્ટ - મશીનરી જેવી મિલકતાના તારણ સામે આપવામાં આવે છે.

(૨) ધિરાણ આપનાર બેંકની સંખ્યાના આધારે વર્ગીકરણ

સામાન્ય રીતે દરેક બેંક પોતે સ્વતંત્ર રીતે પોતાના ભંડોળના પ્રમાણમાં અલગ અલગ ધિરાણ કરે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિના વિકાસ સાથે મોટાં પાયાં પરનું ઉત્પાદન અનિવાર્ય બન્યું છે. આને માટે વિશાળ મૂડીની જરૂર પડે છે. કોઈ પણ ઉદ્યોગપતિ માટે આવા મોટાં ભંડોળની જોગવાઈ કરવાનું શકય હોતું નથી. એ માટે એણે બેંક ધિરાણનો આશ્રય લેવો જ પડે છે. કેટલીક વાર તો આવાં ધિરાણની રકમ એટલી મોટી હોય છે કે કોઈ એક બેંકને માટે પણ તે પૂરૂં પાડવાનું લગભગ અશકય બની જાય છે. વળી કોઈ એક ધંધા-ઉદ્યોગોમાં મોટી રકમનું ધિરાણ કરવામાં આવે અને જો તે ધંધો-ઉદ્યોગ ધારેલો નફો કમાઈ શકે નહી અને ધિરાણ પરત થઈ શકે નહી તો બેંક મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. આથી ઘણીવાર એક કરતાં વધારે બેંક સંયુકત રીતે આવું ધિરાણ કરે છે. ધિરાણ સામેની જામીનગીરીઓ પણ બેંકોના સંયુકત નામ પર જ લેવામાં આવે છે. આને Participation loan પણ કહે છે. આવા પ્રકારનું ધિરાણ પશ્ચિમના દેશોમાં વધારે પ્રચલિત છે. જો કે ભારતમાં પણ બેંકો હવે આવાં ધિરાણ આપે છે.

ભારતની બેંકોએ પણ સંયુક્ત ધિરાણ (Joint Finance or Consortium Advances)ની પ્રથા ફક્ત ફુડ કોર્પોરેશનને સહાયભૂત થવા માટે જ નહિં પણ જુદી જુદી જાહેર અને ખાનગી કંપનીઓને ધિરાણ આપવા માટે પણ અપનાવી છે. સંયુક્ત ધિરાણમાં કોઇ એક બેંક અગ્ર બેંક (Consortium Leader) તરીકે કામ કરે છે અને લૉનની દરખાસ્ત વગેરેની ચકાસણી કરે છે. આવા ધિરાણમાં ભાગ લેનારી બેંકો જે શરતોને આધીન ભાગ લે છે તે અંગે કરાર કરે છે.
(૩) ધિરાણ ક્ષેત્રને આધારે વર્ગીકરણઃ

બેંકો તરફથી જે ધિરાણ કરવામાં આવે છે તે કર્યાં તો (૧) વેપાર-ધંધામાટે કરવામાં આવતુ હોય અથવા (૨) કોઈ વ્યકિતને અંગત લોનના રૂપમાં ધિરાણ કરવામાં આવતું હોય વેપાર ધંધા માટે કરવામાં આવતું ધિરાણ :

(અ) વેપાર-વિનિમય માટે કરવામાં આવતું વેપારી ધિરાણ હોઈ શકે અથવા (બ) ઉત્પાદકને ઉત્પાદનના હેતુ માટે આપવામાં આવતું ઉત્પાદન ધિરાણ હોઈ શકે અથવા (ક) ખેતીવાડીને સહાયભૂત થવા માટે આપવામાં આવતું કૃષિ ધિરાણ હોઈ શકે અથવા

(ડ) નિકાસ-વેપારને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતું નિકાસ ધિરાણ હોઈ શકે. જ્યારે વ્યકિતગત અથવા અંગત ધિરાણમાં ગ્રાહકને સ્કૂટર, મોટરકાર અથવા રેફ્રિજરેટર જેવી કોઈ કીંમતી વસ્તુ ખરીદવા માટે ધિરાણ કરવામાં આવે છે. મધ્યમ વર્ગના માનવી પાસે બચતનું પ્રમાણ પૂરતું હોતું નથી, આથી આવી કીમતી વસ્તુઓ ખરીદવા માટે તે બેંક પાસેથી ધિરાણ લે છે. તેને અંગત અથવા વ્યકિતગત ધિરાણ કહેવામાં આવે છે. આપણા દેશમાં સહકારી બેંકોએ આ ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. વ્યક્તિની આવકના સંદર્ભમાં એની વ્યક્તિગત જામીનગીરી તથા સ્થાવર મિલકત ધરાવનાર અન્ય વ્યક્તિની જામીનગીરીના આધારે આવું ધિરાણ આપવામાં આવે છે. આવાં ધિરાણ પર વ્યાજબી દરે વ્યાજ લેવામાં આવે છે અને ધિરાણની રકમ સરળ હપ્તે પરત થઈ શકે છે. આથી મધ્યમ વર્ગની વ્યકિતઓને આવું ધિરાણ ખૂબ અનુકૂળ પડે છે. (૪) તારણના આધારે ધિરાણનું વર્ગીકરણ :0

તારણના આધારે ધિરાણને બે ભાગમાં વહેંચી શકાય. (અ) તારણવાળું અથવા રક્ષિત ધિરાણ (Secured loan) (બ) તારણ વગરનું અથવા બિનરક્ષિત ધિરાણ (Unsecured loan) (અ) તારણવાળું અથવા રક્ષિત ધિરાણ :

તારણવાળા ધિરાણની ૧૯૪૯ના બેંકિંગ નિયમધારાની કલમ-૫ (૧) (N)માં આપવામાં આવેલ વ્યાખ્યા અનુસાર તારણવાળું અથવા રક્ષિત ધિરાણ એટલે એવું ધિરાણ કે જે ધિરાણ માટે તારણમાં આપવામાં આવેલી મિલકતની બજાર કિંમત ધિરાણની રકમ કરતાં ઓછી ન હોય. જે ધિરાણ સામે આ પ્રમાણેનું તારણ ન હોય તે તારણ વગરનું અથવા બિનરક્ષિત પિરા

કહેવાય.સામાન્ય રીતે સ્થાવર મિલકત, માલસામાન અથવા માલસામાનના માલિકી હક્કના દસ્તાવેજો, શૅર-ડિબેન્ચર કે સરકારી જામીનગીરી, જીવન વીમા પૉલિસી અથવા સોનાચાંદીન દાગીના જેવી વસ્તુના તારણ સામે તારણવાળી લોન આપવામાં આવે છે.આ રીતે તારણમાં મૂકેલી વસ્તુની બજાર કિંમત ધિરાણની રકમ કરતાં ઓછી હોતી નથી. જે મિલકત તારણમાં મૂકવામાં આવે છે તેના પર બેંકનો બોજો ઊભો કરવામાં આવે છે. આવો બોજો (૧) લિયન (૨) પ્લેજ (૩) હાઈપોથિકેશન અથવા (૪) મોર્ટગેજમાંથી કોઈ પણ એક રીતે ઉભો કરી શકાય. આની વિગતવાર ચર્ચા આપણે પાછળથી કરીશું.

આ રક્ષિત ધિરાણ કે રક્ષિત લોનના મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય

૧. ભૌતિક મિલકતો જેવી કે મકાન, માલ-સામાન, ચીજ-વસ્તુઓ, સરકારી જામીનગીરીઓ, ઔદ્યોગિક કંપનીઓની જામીનગીરીઓ, વીમા પૉલિસી, યંત્રો, સોના-ચાંદીના ઘરેણાં વગેરેનાં તારણ સામે રક્ષિત લોન આપવામાં આવે છે.

૨. રક્ષિત લોન એ એવા પ્રકારનું ધિરાણ છે જે માટે તારણમાં લીધેલી જામીનગીરી અથવા અન્ય કોઈ પણ વસ્તુની બજારકિંમત આપવામાં આવેલાં ધિરાણ કે લોનની રકમ કરતાં ઓછી હોતી નથી. ૩. રક્ષિત ધિરાણ અન્વયે નાણાં ઉછીનાં લેનારની શાખા પાત્રતાનું મૂલ્યાંકન તેની પોતાની

માલિકીની ભૌતિક મિલકતોના આધારે થાય છે. ૪. તારણ તરીકે મળેલ મિલકતો ઉપર એક યા બીજાં સ્વરૂપે બોજો ઊભો કરીને લોન આપવામાં આવે છે.આવો બોજો લિયન, પ્લેજ, હોઈપોથિકેશન અથવા મોર્ટગેજ (ગીરો) પૈકીની કોઈ પણ રીતે ઊભો કરી શકાય. આ પૈકી કઈ પ્રથા અપનાવવી તેનો આધાર મુખ્યત્વે લેણદાર-કરજદાર વચ્ચેના સંબંધો, ધિરાણની રકમ, ધિરાણની મુદત, તારણમાં આપેલી વસ્તુના સ્વરૂપ વગેરે બાબતો પર રહે છે.

(બ) તારણવગરનું અથવા બિનરક્ષિત ધિરાણ ઃ

કોઈ પણ પ્રકારની ભૌતિક મિલકતનાં તારણ વગર જે ધિરાણ આપવામાં આવે છે તેવાં જે ધિરાણને તારણ વગરનું અથવા બિનરક્ષિત ધિરાણ કહેવામાં આવે છે. તારણ વગરનું ધિરાણ આપવામાં બેંકે ખૂબ કાળજી રાખવી પડે છે. પ્રમાણિક, ચારિત્ર્યશીલ અને પ્રતિષ્ઠિત ગ્રાહકને જ આવું ધિરાણ આપવું જોઈએ જેથી તે પરત મેળવવામાં બેંકરને કોઈ મુશ્કેલી નડે નહીં અને તેને નાણાં ગુમાવવાનો પ્રશ્ન ઊભો થાય નહીં. આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે બેંકરે આવું ધિરાણ કરતાં પહેલાં ગ્રાહકનાં ચારિત્ર્ય, શક્તિ અને મૂડી (three c's - character, capacity and capital)નો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. ધિરાણ મેળવવા ઈચ્છતી વ્યક્તિ-ગ્રાહકની શાખપાત્રતા વિષે તેણે યોગ્ય તપાસ કરવી જોઈએ અને તેના આધારે જ ધિરાણ અંગેનો નિર્ણય લેવો જોઈએ. આવી માહિતી તેને નીચેનાં પ્રાપ્તિસ્થાનોમાંથી મળી શકે છેઃ

[૫] ગ્રાહકની શાખપાત્રતા વિષે માહિતી મેળવવાના પ્રાપ્તિસ્થાનો :

બિનરક્ષિત લોનની બાબતમાં-ગ્રાહકની શાખપાત્રતા અંગે માહિતી મેળવવાના પ્રાપ્તિસ્થાનો નીચે પ્રમાણે છે :

(૧) ગ્રાહકના ખાતાનો પાછલો ઈતિહાસ ઃ ગ્રાહકના ખાતાના પાછલા ઈતિહાસના આધારે ગ્રાહક અંગે ઘણી ઉપયોગી માહિતી મળી શકે છે. તેનાં ખાતામાં ભરવામાં આવેલાં ચેક વારંવાર નકારાતા હોય અથવા તેણે લખેલા ચેકની ચુકવણી અટકાવવાના પ્રસંગો વારંવાર બનતા હોય તો તેવા ગ્રાહકને સદ્ધર ગ્રાહક કહી શકાય નહીં.

(૨) ગ્રાહકનાં વાર્ષિક હિસાબનાં પત્રકો પરથી ઃ ગ્રાહકનાં વાર્ષિક હિસાબના પત્રકો-નફા નુકશાન ખાતું અને પાકા સરવૈયા-નો વિગતવાર અભ્યાસ કરવાથી ગ્રાના ધંધાની આર્થિક પરિસ્થિતિ અંગે વિસ્તૃત માહિતી મળી શકે છે.

૩) બેંકનાં અહેવાલ : જો ગ્રાહકનું ખાતું બીજી કોઈ બેંકમાં હોય તો તે બેંક પાસેથી પ ગ્રાહક અંગે ઉપયોગી માહિતી મળી શકે છે. આપણે આગળ જોઇ ગયાં છીએ કે બેંક આવી માહિતી અરસપરસ બેંકોને આપે છે. બેંક તરફથી મળેલી માહિતીના આધારે શાખપાત્રતા અંગે ચોક્કસ નિર્ણય લઈ શકાય છે.

અગાઉ બેંકો આવી માહિતી આપવામાં ખચકાટ અનુભવતી હતી કારણ કે તેમને કાયદેસરનું

રક્ષણ ગુમાવવાનો ડર લાગતો હતો. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા (એમેન્ડમેન્ટ) એક્ટ

૧૯૭૪માં દાખલ કરવામાં આવેલી કલમ અનુસાર અરસપરસ શાખ અંગેની માહિતી

આપવા બદલ બેંકોને માટે કાયદેસરના રક્ષણની જોગવાઇ કરવામાં આવી છે. (૪) બજારના અહેવાલ : ગ્રાહક જે પ્રકારનો ધંધો કરતો હોય તે પ્રકારના ધંધામાં રોકાયેલાં વેપારીઓ, દલાલો ઉદ્યોગપતિઓ જેવા લોકો પાસેથી પણ તેનાં અંગે માહિતી મળી શકે છે.

(૫) ક્રેડિટ ઈનફમેશન બ્યુરો ः રિઝર્વ બેંક તરફથી સ્થાપવામાં આવેલ ક્રેડિટ ઈનફરમેશન બ્યુરો મોટા મોટા ગ્રાહકોની શાખપાત્રતા અંગે જુદી જુદી બેંકો પાસેથી માહિતી એકત્રિત કરે છે. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા એક્ટની ૧૯૩૪ની કલમ ૪૫ - (૧) હેઠળ બેંકોએ તારણવાળી લૉન માટે આપેલી ધિરાણની રૂ ૫ લાખ અને તેની ઉપરની રકમ માટે તથા તારણ વગરની લૉન માટે આપેલી ર ૧ લાખ કે તેની ઉપરની રકમ માટે જે શાખ મર્યાદા મંજૂર કરી હોય તેની માહિતી રિઝર્વ બેંકને મોકલી આપવાની હોય છે. આવી માહિતી ફક્ત મોટા ગ્રાહકોને લગતીજ અને દરેક વર્ષના માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર મહિનાના છેલ્લા શુક્રવારના રોજનીજ મળતી હોવાથી આ બ્યુરોથી બેંકોને મર્યાદિત સહાય મળી રહે છે.

ધિરાણ મેળવવા ઈચ્છતા ગ્રાહક અંગે આ રીતે જુદા જુદા ક્ષેત્રમાંથી જરૂરી માહિતી એકત્રિત કર્યા પછી તેનાં આધારે ગ્રાહકનો ખાનગી રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. ગ્રાહકને આપવામાં આવતા ધિરાણની મહત્તમ રકમ, તેની પાસેથી લેવાની જામીનગીરીઓ-તારણ અને તેના પર ઊભા કરવાના બોજાના પ્રકાર, આ બધાં અંગે ખાનગી રિપોર્ટમાં નોંધ કરવામાં આવે છે અને તેનાં આધારે ધિરાણ અંગેનો નિર્ણય લેવામાં આવે છે.

[૬] ધિરાણના પ્રકાર (Forms of Advances) :°

વેપારીઓ, ઉદ્યોગપતિઓ ને બીજાઓને બેંક જુદી જુદી અનેક રીતે ધિરાણ કરે છે. સામાન્ય રીતે બેંકર એના ગ્રાહકની જરૂરિયાતના સંદર્ભમાં ધિરાણનો પ્રકાર નક્કી કરે છે.

આવી રીતે કરવામાં આવતા ધિરાણને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય. (૧) લોન, કૅશ ક્રેડિટ અને ઑવરડ્રાફટ (Loan, Cash credit and Overdraft)

(૨) હૂંડીઓ ખરીદવી અને વટાવવી (Purchase and Discounting of Bills)

(૧) (અ) લોન :

ધિરાણના આ પ્રકારમાં (લોન) અમુક ચોક્કસ હેતુ માટે અને અગાઉથી મુકર્ર કરેલા સમય માટે ધિરાણ આપવામાં આવે છે. બેંકર ધિરાણની પૂરેપૂરી રકમ ગ્રાહકને એક સામટી ચકવી આપે છે અને ગ્રાહક તે રકમ

રોકડમાં ઉપાડી લે અથવા એના ચાલુ ખાતે જમા કરાવે છે . સામાન્ય રીતે ગ્રાહકે ધિરાણની રકમ એક સામટી એક જ હપતામાં પરત કરવાની હોય છે. ધિરાણના આ પ્રકારને લોન કહેવામાં આવે છે. કેટલીક વાર ગ્રાહકને લોનની રકમ હપતે હપતે ચૂકવવાની છૂટ પણ બૅંકર આપે છે જે તારીખે લોન મંજૂર થઈ હોય તે તારીખથી લોનની પૂરી રકમ પર ગ્રાહકે વ્યાજ ચૂકવવાનું હોય છે. લોનની રકમ તે ઉપાડી લે કે નહી ઉપાડે પણ વ્યાજની રકમમાં કોઈ ફેર પડતો નથી. જો તે લોનની પૂરેપૂરી રકમ ઉપાડી નહી લે તો એને વ્યાજનો વાસ્તવિક દર ઘણો ઊંચો પડે છે. ગ્રાહકે લોનની રકમ પૂરેપૂરી અથવા અંશતઃ ચૂકવી દીધી હોય અને ગ્રાહકને ધિરાણની ફરી જરૂર પડે તો એ નવો વ્યવહાર જ ગણાય છે. બેંકર એવું ધિરાણ કરવા તૈયાર હોય તો એ જે શરત નક્કી કરે તે શરતે આ નવું ધિરાણ કરવામાં આવે છે. બેંકર નવું ધિરાણ કરવાનો ઇન્કાર પણ કરી શકે.

સામાન્ય રીતે વેપારી બેંકો ગ્રાહકની ચાલુ મૂડીની (Working Capital) જરૂરિયાત સંતોષવા માટે ટૂંક મુદતી (short term) લોન આપે છે. પણ આધુનિક સમયમાં બેંકો ઉદ્યોગોને કાયમી મિલકતો ખરીદવા માટે મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની લોન પણ આપે છે. આને મુદતી લોન (term loan)કહેવામાં આવે છે.

લોન પ્રથાના ફાયદા :

૧. બેંકે ગ્રાહકને ધીરેલી લૉનની પૂરી રકમ પર બેંકને વ્યાજ મળે છે જે એને માટે ફાયદાકારક છે.

૨. લૉન પરત કરવાની અથવા હપ્તાની ચુકવણીનો સમય અગાઉથી નિયત કરવામાં આવતો હોવાથી ગ્રાહકમાં એક પ્રકારની સ્વંય-શિસ્ત આવે છે.

૩. જ્યારે લૉન આપવામાં આવે અથવા રીન્યુ કરવામાં આવે ત્યારે બેંકરને લૉન ખાતાનો

અંદાજ આવે છે અને બિનસંતોષકારક રીતે ચાલતા લૉન ખાતા તે બંધ કરી શકે.

લોન પ્રથાના ગેરફાયદા ઃ

૧. દરેક વખતે જ્યારે લૉન લેવાની જરૂર પડે ત્યારે બેંકર સાથે નવેસરથી વાટાઘાટ કરવી પડે છે. આથી ધિરાણ લેનાર આ મુશ્કેલી ટાળવા માટે જરૂર કરતાં વધારે રકમનું ધિરાણ લે.

૨. કેશ ક્રેડીટ પ્રથા કરતાં લૉન પ્રથામાં દસ્તાવેજો વગેરે વધારે વિસ્તૃત અને ખર્ચાળ હોય છે.

૩. સામાન્ય રીતે લૉન તરીકે આપેલી રકમ પર બૅંકરનો અંકુશ રહેતો નથી.

૪. લૉન મુકર્રૂ સમય માટે હોવા છતાં વ્યવહારમાં તો તે (Roll over) જ થાય છે.

(૧) (બ) કેશ ક્રેડિટ :

 લોન અને કેશ ક્રેડિટ એ બે સમાનાર્થી નથી. કેશ ક્રેડિટમાં સાતત્ય છે એટલે કે કેશ ક્રેડિટ- ખાતામાંથી નાણાં ઉપાડી શકાય અને પાછાં ભરી પણ શકાય. ખરેખર ઉપાડેલી રકમ પર જ વ્યાજ વસુલ લેવામાં આવે છે. ગ્રાહકે લોનની રકમ એક વખત પૂરેપૂરી કે અંશતઃ ભરપાઈ કરી હોય તેમાંથી તે નાણાં ઉપાડી શકે નહીં. તેને નાણાંની જરૂરિયાત હોય તો નવી લોન માટે ફરી અરજી કરવી પડે છે. એ સ્વતંત્ર વ્યવહાર જ ગણાય છે. લોનની પૂરેપૂરી રકમ પર બેંક વ્યાજ વસૂલ લેતી હોવાથી ધિરાણનો આ પ્રકાર (લોન) ધિરાણના બીજા પ્રકાર - કૅશ ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ – કરતા મોંઘો પડે છે પણ લોનની બાબતમાં કોઈ કમિટમેન્ટ ચાર્જીસ હોતા નથી.

કેશ ક્રેડિટ દ્વારા ધિરાણ આપવાની પદ્ધતિ એ ખાસ કરીને ભારતની બેંકોએ અપનાવેલી એક વિશિષ્ટ પદ્ધતિ છે. દેશમાં સંગઠિત હૂંડી બજારના અભાવે આ પદ્ધતિ અમલમાં આવી છે. કુલ બેંક ધિરાણના ૭૦ ટકા જેટલું ધિરાણ કેશ ક્રેડિટ દ્વારા કરવામાં આવે છે. કેશ ક્રેડિટ એ એવી વ્યવસ્થા છે જેમાં બેંકર દરેક ગ્રાહકને આપવાના ધિરાણની મહત્તમ મર્યાદા નક્કી કરે છે. એને Cash Credit Lmlt કહેવામાં આવે છે. કોઇ દૃશ્ય મિલકત અથવા બાંધે (guarantee)નાં તારણ સામે ગ્રાહકને નિયત કરેલી રકમ સુધી બેંકમાંથી નાણાં ઉપાડવાની છૂટ આપવામાં આવે છે. આને રક્ષિત કેશ ક્રેડિટ કહેવામાં આવે છે. જ્યારે ગ્રાહકને કેશ ક્રેડિટ સ્વરૂપે ધિરાણ આપવાનું નક્કી કરવામાં આવે ત્યારે ગ્રાહકનું નવું કૅશ ક્રેડિટ ખાતું (Cash credit Account or C.C. Account) ખોલવામાં આવે છે. તે ખાતામાં પ્રથમ જમા રકમ જેવું કશું હોતું નથી. Cash creditના સ્વરૂપે મંજૂર કરેલા ધિરાણની રકમ તથા અન્ય મહત્વની બાબતની એ ખાતા પર નોંધ કરવામાં આવે છે. ગ્રાહક એની જરૂરિયાત પ્રમાણે કેશ ક્રેડિટ ખાતામાંથી નાણાં ઉપાડે અને જ્યારે એની પાસે વધારાના નાણાં હોય ત્યારે તે એ રકમ કેશ ક્રેડિટ ખાતામાં ભરી દે. આમ કેશ ક્રેડિટ એ સક્રિય અને ચાલુ (running) ખાતુ છે, જેમાંથી વારંવાર નાણાં ઉપાડી શકાય છે અને નાણાં જમા કરાવી શકાય છે. કેશ ક્રેડિટની મંજૂર કરવામાં આવેલી પૂરી રકમ પર નહીં પણ રોજેરોજની બાકી પર બેંક વ્યાજ વસૂલ લે છે, વ્યાજની રકમ દર મહિને ઉધારવામાં આવે છે.

ક્લીન કૅશ ક્રેડિટની બાબતમાં ગ્રાહક કોઈ મિલકત અથવા જામીનગીરી તારણમાં આપતો નથી પરંતુ એક કે વધારે જામીનની સહીવાળી પ્રોમિસરી નોટ બેંકને આપે છે. કેશ ક્રેડિટની બાબતમાં ગ્રાહકે લોનની માફક પૂરી રકમ ઉપાડી લેવાની હોતી નથી. કેશ ક્રેડિટની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી હોય છે. ગ્રાહક એની જરૂરિયાત મુજબ કૅશ ક્રેડિટ ખાતામાંથી નિયત કરેલી રકમની મર્યાદામાં નાણાં ઉપાડી શકે છે. પણ નિયત કરેલી મર્યાદા કરતાં વધારે રકમ ગ્રાહક ઉપાડી શકે નહી. એની પાસેના વધારાના નાણાં એ પોતાના કેશ ક્રેડિટ ખાતામાં જમા કરાવી શકે છે. ગ્રાહકે ઉપાડેલી રકમમાં થતી વધઘટનાં પ્રમાણમાં ગ્રાહકે આપેલી જામીનગીરીમાં પણ વધઘટ થઈ શકે છે. ગ્રાહકને એક જામીનગીરીના બદલે બીજી જામીનગીરી આપવાની I છૂટ પણ બૅંકર આપે છે. ધિરાણ મેળવવા માટે કેશ ક્રેડિટ પ્રથા ખૂબ જ સ્થિતિસ્થાપક પ્રથા છે. ધંધાની જરૂરિયાત પ્રમાણે કૅશ ક્રેડિટની રકમની મર્યાદામાં ફેરફાર થઈ શક્તો હોવાથી તેમાં સ્થિતિસ્થાપકતા છે. જામીનગીરીની કિંમતમાં થતી વધઘટની સાથે કેશ ક્રેડિટની રકમના મર્યાદામાં પણ વધઘટ થઈ શકતી હોવાથી ઋતુ પ્રમાણે(Seasonal) ધંધો કરનાર વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને આ પ્રથા ખૂબ અનુકૂળ આવે છે.

કૅશ ક્રેડિટ પદ્ધતિનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય ઃ

૧. કેશ ક્રેડિટમાં ગ્રાહક માટે નક્કી થયેલી શાખની મહત્તમ મર્યાદામાં રહીને જ ગ્રાહક ઉપા કરી શકે છે.

૨. કેશ ક્રેડિટ ખાતું એ સતત ચાલતું ખાતું છે. આ ખાતામાં ધિરાણની કોઈ ચોક્કસ સમયમર્યાદા નિશ્ચિત હોતી નથી. સામાન્ય રીતે બેંકર તરફથી માંગણી થતાં જ કરજદારે ધિરાણની કમ પરત કરવી પડે છે. ગ્રાહક

પોતાની પાસેના વધારાના નાણાં કેશ ક્રેડિટ ખાતામ સતત જમા કરાવતો રહે છે અને જરૂર પડે ત્યારે ફરીથી ઉપાડી પણ શકે છે.

3. કરજદારે જેટલા સમય સુધી જેટલી રકમ વાપરી હોય તેટલા સમય માટે તેટલી રકમ ઉપર જ તેણે વ્યાજ ચૂકવવું પડે છે.

4. જે કેશ ક્રેડિટની મહત્તમ મર્યાદાના પ્રમાણમાં બેંકે હાથ ઉપર રોકડ સિલક રાખવી પડે છે. જ્યારે વ્યાજની ગણતરી ગ્રાહક તરફથી ઉપાડવામાં આવેલી ખરેખર ક્રમ પર જ થતી હોવાથી બેંક પાસે વધારાની પડી રહેલી રકમ (ગ્રાહકે નહી ઉપાડેલી રકમ) પર બેંકને વ્યાજની કમાણી થતી નથી. કેશ ક્રેડિટ પદ્ધતિનાં ધિરાણની આ એક મોટી ઊણપ છે.

કમીટમેન્ટ ચાર્જીસ (Commitment Charges) : કેશ ક્રેડિટ પધ્ધતિનાં ધિરાણની મુખ્ય ખામી એ છે કે કેશ ક્રેડિટની મંજૂર કરેલી રક્સમાંથી મોટી રકમ વપરાયા વગરની બેંક પાસે પડી રહે છે. કેશ ક્રેડિટમાં જેટલી રકમ ઉપાડવામાં આવી હોય તેટલી જ રકમ પર વ્યાજ વસૂલ કરવામા આવતું હોવાથી સામાન્ય રીતે ગ્રાહક કેશ ક્રેડિટની વધારે રકમ જ મંજૂર કરાવે છે. એક વખત બેંક કેશ ક્રેડિટની લિમિટ મંજૂર કરે એટલે એણે એટલી રોકડની જોગવાઈ રાખવી જ પડે છે. ગ્રાહક એ રકમ ઉપાડે નહી એટલે બેંકની પાસે એ નાણાં નકામા પડી રહે છે. એના પર એને વ્યાજની કોઇ આવક મળતી નથી.આમ ગ્રાહકને માટે ધિરાણની આ પદ્ધતિ ખૂબ સગવડભરેલી છે. કારણકે એણે રોજેરોજની બાકી પર જ વ્યાજ ચૂકવવું પડે છે. સાથે સાથે જરૂર પડે તો વધારે રકમ મળી શક્શે એની પણ એને ખાતરી છે. પણ બેંકને માટે આ પદ્ધતિ સગવડભરેલી નથી કારણ કે એણે ઘણી મોટી રકમ રોકડમાં રાખવી પડે છે.

આવું ન બને તે માટે બેંકર કેશ ક્રેડિટ કરારમાં અર્ધા અથવા ચોથા ભાગનાં વ્યાજની કલમ આમેજ કરે છે. નાનો અર્થ એવો થાય કે ગ્રાહક કેશ ક્રેડિટની રકમ વાપરે કે ન વાપરે, પણ કેશ ક્રેડિટની એને મંજૂર કરવામાં આવેલી રકમના અર્ધા કે ચોથા ભાગની રકમ પર એણે વ્યાજ ભરવું જ પડે છે.

૧૯૬૯માં દહેજિયા વર્કિંગ ગૃપે આ અંગે ધ્યાન દોર્યું હતું. દહેજિયા વર્કિંગ ગૃપની ભલામણને આધારે તા. ૨૮મી માર્ચ, ૧૯૭૦ ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બધી શિડયૂલડ બેંકોને તા. ૧લી એપ્રિલ, ૧૯૭૦થી કેશ ક્રેડિટની નહીં વપરાયેલી લિમિટ પર કમીટમેન્ટ ચાર્જીસ લેવાનો આદેશ આપ્યો હતો. આ ચાર્જ વાર્ષિક ૧ ટકાના દરે લેવાનો છે. ગ્રાહકે કેશ ક્રેડિટની મંજૂર કરાવેલી લિમિટ અને દરેક ત્રિમાસિક સમયગાળામાં ગ્રાહકે ઉપાડેલી સરેરાશ રકમ વચ્ચેનાં તફાવતને નહી વપરાયેલી લિમિટ તરીકે ગણવામાં આવે છે. જો મંજૂર કરાયેલી લિમિટના ૯૫ ટકા જેટલી રકમ ઉપાડવામાં આવે તો કોઈ કમીટમેન્ટ ચાર્જીસ લેવાના ન હતા.

આ રીતે કમિટમેન્ટ ચાર્જીસની પ્રથા અમલમાં આવવાને કારણે ગ્રાહકોએ પોતાની શાખની જરૂરિયાતનો અંદાજ ઓછો આંકવા માંડ્યો અને પરિણામે મંજૂર કરાવેલી લિમિટ કરતાં વધારે કમનો ઉપાડ (excess drawing) તેમણે કરવા માંડ્યો. આ પ્રથાને અંકુશમાં લાવવા માટે રિઝર્વ બેંકે ૧૬મી મે, ૧૯૭૦થી વધારાના ઉપાડ પર બેંકોને ચાર્જીસ વસૂલ કરવાનો આદેશ આપ્યો. જો એક અઠવાડિયાં કરતાં વધારે સમય માટે આવો વધારાનો ઉપાડ ૫ ટકા કરતાં વધુ નહી તો એના પર કોઈ ચાર્જીસ લેવાનાં ન હતા. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૧લી નવેમ્બર ૧૯૭૫થી કમિટમેન્ટ ચાર્જીસની પ્રથા રદ કરવાનો આદેશ આપ્યો હતો. ટેન્ડન કમિટિની ભલામણોને આધારે રિઝર્વ બેંકે ૧૯૭૫માં બેંકોને એવી સૂચના આપી કે કેશ ક્રેડિટની મર્યાદાને બે ભાગમાં વહેંચી નાખવી આવશ્યક (core) ભાગ અને ચલિત (variable) ભાગ. આ બન્ને ભાગ માટે બાજના દરમાં તફાવત રાખવો. પણ આનો અમલ કરવાનું બેંકોને માટે ખા મુશ્કેલ હતું. આથી ધિરાણની કેશ ક્રેડિટ પ્રથાની પુનઃ સમીક્ષા કરવા માટે એપ્રિલ ૧૯૭૯માં શ્રી કે. પી. ચોરેના અધ્યક્ષ પદે એક કાર્ય જૂથ (working

group) નીમવામાં આવ્યું. ગોરે મિંટની ભલામણોના આધારે રિઝર્વ બેંકે એની આગલી ભલામણ રદ કરી અને વ્યાજના દરમાં તફાવતની નીતિ રદ કરવાની બેંકોને સૂચના આપી.

૧લી જાન્યુઆરી ૧૯૯૧થી નીચેના બે ઉદ્દેશો માટે કમિટમેન્ટ ચાર્જીસની પ્રથા કરી દાખલ કરવામાં આવી છે. (અ) બેંક ધિરાણ લેવામાં ગ્રાહક શિસ્તનું પાલન કરે, (બ) બેંક દ્વારા ભંડોળનો વહીવટ સારી રીતે થઈ શકે

આવો કમિટમેન્ટ ચાર્જ એક કરોડ કે તેના કરતાં વધારે રકમની કાર્યશીલ મૂડીની લિમિટ વાળા તમામ ગ્રાહકોને લાગુ પડે છે. ગ્રાહકને મંજૂર કરેલી રકમમાંથી નહીં વપરાયેલી રકમ પર ૧ ટકાના દરે કમિટમેન્ટ ચાર્જીસ લાગુ પડશે. જે ત્રિમાસિક હપતા દરમિયાન નહી વપરાયેલી રકમ મંજૂર કરવામાં આવેલી રકમના ૧૫ ટકાની મર્યાદામાં હોય તેનાં પર કમિટમેન્ટ ચાર્જીસ લા પડશે નહીં.

કેશ ક્રેડીટ પ્રયાના ફાયદા :

૧. ગ્રાહકની દૃષ્ટિએ કેશ ક્રેડિટ પ્રથા ખૂબ અનુકૂળ છે. એ જેટલી રકમ વાપરે તેટલી રકમ પરજ એણે વ્યાજ ચૂકવવું પડે છે અને જરૂર પડે તો મુકરર કરેલી મર્યાદા સુધીની વધારાની રકમ એને મળી શકે એની એને ખાત્રી હોય છે. પોતાની પાસેની વધારાની રોકડ બેંકમાં જમા કરાવી વ્યાજનું ભારણ ઘટાડી શકે છે. આમ ગ્રાહકને ધિરાણની પડતર પ્રમાણમાં ઓછી પડે છે. અને બેંક એના ભંડોળનો ઉપલો સારી રીતે કરી શકે છે.

૨. બેંકે એના ગ્રાહકના તમામ વ્યવહારો માટે એક જ ખાતું રાખવાનું હોવાથી વહેવટમાં સરળતા પડે છે અને લૉનની માફક વારંવાર દસ્તાવેજો કરવા પડતા નથી.

કેશ ક્રેડીટ પ્રથાની ખામીઓ :

1. સામાન્ય રીતે બેંકો તરફથી કેશ ક્રેડીટની મર્યાદા વર્ષમાં એક જ વાર મંજૂર થતી હોવાથી ગ્રાહક મોટી રકમની લીમીટ નક્કી કરાવે છે. આવી વણવપરાયેલી રકમનો વિરા અંકુશના સમયમાં ગેરઉપયોગ કરે.

૨. આ પદ્ધતિમાં ધિરાણની કુલ રકમ બેંકો કોઇ ચોક્કસ સમયે કેટલા પ્રમાણમાં પિાણ કરી શકે તેના આધારે નહીં પણ ગ્રાહકો તે સમયે કેટલું પિરાણ લેશે તેના આધારે નક્કી થતી હોવાથી બેંકના ભંડોળનો યોગ્ય ઉપયોગ થઇ શક્યો નથી.

૩. ગ્રાહકો ક્યા રોતુ માટે ધિરાણની રકમ વાપરે છે તેના માટે બેંક ખાસ ચોક્કસ પ્રયત્ન કરતી નથી કારણ કે આ પદ્ધતિમાં ધિરાણ પર જ વધારે ભાર મુક્વામાં આવે છે. આથી મંજૂર નહીં કરાયેલા હેતુ માટે પણ ગ્રાહક બેંકની જાણ વગર પિરાણની રકમનો ઉપયોગ કરી શકે છે.

આ ખામીઓ દૂર કરવા માટે ટંડન કમિટિ તથા ચોરે કમિટિએ જે ભલામણો કરી દી તેના આધારે રિઝર્વ બેંક તરફથી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

(૧) (ક) ઑવરડ્રાફટ (Overdraft) :

જ્યારે કોઈ ગ્રાહકને નાણાંની કામચલાઉ સગવડની જરૂર હોય ત્યારે એના ચાલુ ખાતે સિલક હોય તેનાં કરતાં વધારે રકમ ઉપાડવાની બેંક તરફથી એને છૂટ આપવામાં આવે છે. આવાં ધિરાણને ઑવરડ્રાફટ કહેવામાં આવે છે. જ્યારે બેંકના ચોપડામાં ગ્રાહકનાં ખાતાની ઉધાર બાકી આવે ત્યારે ગ્રાહકને ખાતે ઑવરડ્રાફટ છે એમ કહેવાય. બેંક સાથે જરૂરી ગોઠવણ કરી વેપારી આવી સગવડનો લાભ લઈ શકે. કેશ ક્રેડિટની માફક ધિરાણનો આ પ્રકાર પણ ગ્રાહકને ખૂબ ઉપયોગી નીવડે છે. કારણ કે આ પદ્ધતિમાં પણ એણે વાપરેલી રકમ પર જ વ્યાજ ભરવું પડે છે. જો કોઈ સમયગાળા દરમિયાન એ બિલકુલ ઉપાડ ન કરે તો એણે કાંઈ વ્યાજ ભરવું પડતું નથી. લોનની માફક એક કરતાં વધારે વખત કરવામાં આવતા ઉપાડ પર ઑવરડ્રાફટમાં કોઈ મર્યાદા નથી. ઑવરડ્રાફટની મંજૂર કરેલી મર્યાદા કરતાં ઉપાડ વધે નહી ત્યાં સુધી ગ્રાહકને નાણાં ઉપાડવાની અને જમા કરાવવાની છૂટ આપવામાં આવે છે. એક વખત ભરેલી રકમ એ ઉપાડી શકશે નહીં એવી ભય ગ્રાહકે રાખવાનો હોતો નથી.

આવી રીતનું ધિરાણ આપવા માટે બેંક એના ગ્રાહક પાસે કોઈ ભૌતિક મિલકત તારણમાં લે અથવા પ્રતિષ્ઠિત ગ્રાહકની અંગત જામીનગીરી પર આવું ધિરાણ આપે.
ઈન્ડિયન ઓવરસીઝ બેંક, મદ્રાસ વિ. નારણપ્રસાદ ગોવિંદલાલ પટેલ અમદાવાદના કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે ઑવરડ્રાફટની સગવડ ભલે કામચલાઉ ધીરણે આપવામાં આવી હોય તો પણ બેંક અને ગ્રાહક વચ્ચેનો એ કરાર છે. આથી બેંક એકપક્ષીય રીતે તે રદ કરી શકે નહી. ઑવરડ્રાફટ માટે કોઈ મૌખિક કે લેખિત કરારની જરૂર નથી. પક્ષકારોના વર્તન પરથી પણ ઑવરડ્રાફટની સગવડ ગર્ભિત રીતે સાબિત થઈ શકે છે. કોઈ ગ્રાહક જેનું બેંકમાં ચાલુ ખાતુ હોય તે પોતાના ખાતાની સિલક કરતાં વધારે રકમનો ચેક લખે અને તેણે ઑવરડાફટની સગવડ માટે કોઈ લેખિત કરાર કર્યો નહીં હોય તો પણ બેંક એવા ચેકના નાણાં ચૂકવે તો આવો વ્યવહાર લોન તરીકે ગણાય અને એ લોનનાં નાણાં વ્યાજબી દરનાં વ્યાજ સાથે બેંકને ભરપાઈ કરી આપવા માટે ગ્રાહક જવાબદાર ગણાય છે. (બેંક ઓફ મહારાષ્ટ્ર વિ. યુનાઈટેડ કન્સ્ટ્રકસન કંપની અને બીજાઓ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિ. વાથી સાંબામૂર્તિનાં કેસના ચુકાદા અનુસાર)

આવી પરિસ્થિતિ ઉદ્ભવે નહિં એટલા માટે ઓવર ડ્રાફટની સગવડ કામચલાઉ ધોરણે આપવામાં આવી હોય તો પણ ગ્રાહક પાસેથી ઑવરડ્રાફટની સગવડ મેળવવા માટેનો પત્ર અને બેંક તરફથી આપવામાં આવતી સગવડ અને તેના પર લેવામાં આવતો વ્યાજનો દર વગેરે શરતોને આવરી લેતી પ્રોમીસરી નોટ મેળવી લેવી જોઇએ.
કેશ ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ વચ્ચેનો તફાવત :
કેશ ક્રેડિટ અને ઑવરડ્રાફટ આમ તો સમાન જેવા જ છે. બેંક તરફથી આપવામાં આવતી કેશ ક્રેડિટ અને ઑવરડ્રાફટની સગવડ વચ્ચેનો મુખ્ય તફાવત ધિરાણના સમયનો છે. નાણાંની કામચલાઉ તૂટને પહોંચી વળવા માટે પ્રસંગોપાત લેવામાં આવતી ધિરાણની સગવડ એટલે ઓવરડ્રાફ્ટ જ્યારે નિયમિત રીતે ધંધો કરનારી વ્યાપારી અને ઔદ્યોગિક પેઢીઓ દ્વારા પ્રમાણમાં લાંબા સમય માટે લેવામાં આવતી ધિરાણની સગવડ એટલે કેશ ક્રેડિટ. બીજી બધી બાબતમાં કેશ ક્રેડિટ અને ઑવરડ્રાફટ લગભગ બધી જ રીતે સરખાં છે. કેટલીકવાર તો બેંકો નર ગ્રાહકને મુકરર રકમના ઑવરડ્રાફ્ટ માટે નિયમિત સગવડ આપવામાં આવે છે. આદ ઑવરડ્રાફટ અને કેશ ક્રેડિટ વચ્ચેનો તફાવત સમજવો મુશ્કેલ થઈ પડે છે.

સામાન્ય રીતે કેશ ક્રેડિટની લિમિટ મોટી રકમનું ધિરાણ મેળવવા માટે મંજૂર કરાવવામાં આવે છે. જ્યારે કામચલાઉ થોડીક રકમની સગવડ મેળવવા માટે ઑવરડ્રાફટ લેવામાં આવે છે.

ગ્રાહકનું જે ચાલુ ખાતું હોય તે જ ખાતે ઑવરડ્રાફટની સગવડ મંજૂર કરવામાં આવે છે તે માટે નવું ખાતું ખોલાવવાની જરૂર પડતી નથી. જ્યારે જે ગ્રાહકને કૅશ ક્રેડિટની લિમિટ મંજૂર કરવામાં આવે છે તે ગ્રાહકે અલગ ખાતું ખોલાવવું પડે છે.

ઑવરડ્રાફટ સામાન્ય રીતે ગ્રાહકની અંગત જામીનગીરી પર આપવામાં આવે છે. કેટલીક વાર ઓવરડ્રાફટ માટે પણ તારણ લેવામાં આવે છે. કેશ ક્રેડિટની લિમિટ નક્કી કરતી વખતે સામાન્ય રીતે ગ્રાહક પાસેથી એક કે વધુ વ્યક્તિઓની અંગત જામીનગીરી અથવા સ્થાવર જંગમ મિલકત તારણમાં લેવામાં આવે છે. આમ, કૅશ ક્રેડિટ અને ઑવરડ્રાફટ વચ્ચેનો તફાવત નીચે પ્રમાણે સમજાવી શકાય :

કેશ ક્રેડિટ

૧. કેશ ક્રેડિટ દ્વારા લાંબી મુદતનું ધિરાણ મળી શકે છે.

૩. કૅશ ક્રેડિટનો ઉપયોગ મોટી રકમનું ધિરાણ મેળવવા માટે થાય છે.

૪. કેશ ક્રેડિટ દ્વારા નાણાં મેળવવા માટે અલગ ખાતું ખોલાવવું પડે છે.

૫. કેશ ક્રેડિટ મેળવવા માટે સામાન્ય રીતે એક કે વધુ વ્યક્તિઓની જામીનગીરી અને સ્થાવર/જંગમ મિલકત તારણમાં લેવામાં આવે છે.

ઓવરડ્રાફ્ટ

| ૧. ઑવરડ્રાફટ દ્વારા ટૂંકા ગાળા માટે કામચલાઉ ધિરાણ મળે છે.

૨. કેશ ક્રેડિટમા વ્યાજનો દર ઓછો હોય ૨. ઑવરડ્રાફ્ટમાં કૅશ ક્રેડિટ કરતાં સામાન્ય છે.

રીતે વ્યાજનો દર ઊંચો હોય છે.

૩. ઑવરડ્રાફટનો ઉપયોગ કામચલાઉ થોડીક રકમની સગવડ મેળવવા માટે થાય છે.

૪. ઑવરડ્રાફટ મેળવવા માટે અલગ ખાતું ખોલાવવાની જરૂર નથી.

૫. ઑવરડ્રાફટની સગવડ સામાન્ય રીતે ગ્રાહકની અંગત જામીનગીરી પર આપવામાં આવે છે. અલબત્ત, કેટલીક વખત ઓવરડ્રાફટ માટે પણ જામીનગીરી તારણમાં લેવામાં આવે છે.

(ડ) વિશિષ્ટ પ્રકારનાં લોન ધિરાણ (Special Schemes of Advances) : દેશનાં બેંકિંગના વિકાસના સંદર્ભમાં આધુનિક સમયમાં બેંકો કેટલાંક વિશિષ્ટ પ્રકારન લોન/ધિરાણ આપે છે. આવાં વિશિષ્ટ પ્રકારનાં લોન ધિરાણમાં નીચેનાનો સમાવેશ થઈ શકે

(૧) તમારું વાહન વસાવો યોજના (Own your own vehicle scheme) : (અ) સાઈકલ રિક્ષા માટે ધિરાણ (બ) ઓટો રિક્ષા માટે ધિરાણ (ક) ટેક્સી અને ટ્રક માટે ધિરાણ

(૨) ઉપાદારી વ્યક્તિઓને ધિરાણ
(3) શૈક્ષઝિક લોન
(4) ટેકનોક્રેટ પોજના
(૫) ડેન્ટિસ્ટ અને ડૉક્ટરોને ધિરાણ
(૬) નાના પાયા પરના ઉદ્યોગો માટે ધિરાણ
(૭) કૃષિ ધિરા
(૮) પેકિંગ શાખ
(૯) (ડર્ન પેમેન્ટ માટેની બાંહેધરી

હવે આપણે જુદા જુદા પ્રકારનાં વિશિષ્ટ લોન – પિરાશની ટૂંકમાં ચર્ચા કરીશું.
(૧) તમારું વાહન વસાવો યોજનાઃ જુદા જુદા પ્રકારના વાહન ખરીદવા ઇચ્છતી વ્યક્તિને આ પોજના હેઠળ વાહન વસાવવા માટે બેંક તરફથી ધિરાણ આપવામાં આવે છે.

(અ) સાઈકલ-રિક્ષા માટે ધિરાણદ જે લોકો સાઈલ રિક્ષા ચલાવવાના ધંપામાં પડેલા હોય અથવા એવા પ્રકારનો ધંધો કરવા માંગતા હોય તેવા લોકોને બેંક તરફથી આવું ધિરાણ આપવામાં આવે છે. સાઈકલરિક્ષાના વેપારીને બેંક તરફથી તેની કિંમત બારોબાર ચૂકવવામાં આવે છે. વાહન ખરીદનાર પાસે વાહન હાઈપોલિટ કરાવી લેવામાં આવે છે. આવું વાહન ખરીદવા માટે આપવામાં આવેલી રકમ ત્રીસ માસિક હપતામાં પરત કરવાની હોય છે.

(બ) ઓટો રિક્ષા માટે ધિરાણ ઃ સાઈક્લ રિની માકક ઑટોરિયાના ડ્રાઈવરને પણ આવું ધિરાણ આપવામાં આવે છે. ઓટોરિક્ષાની કિંમતના ૮૦ ટકા જેટલું મહત્તમ ધિરાણ બેંક તરફથી આપવામાં આવે છે. બેંક ઑટોરિયા હાઈપોવિકેટ કરાવી લે છે. ઑટોરિક્ષાનો ડ્રાઈવર ધિરાણની રકમ મુકરર રક્તના માસિક હપતામાં પરત કરી શકે અથવા રોજેરોજની ડિપોઝિટ યોજનામાં નાણાં ભરી ધિરાણની રકમ પરત કરી શકે.

(ક) ટેક્સી અને ટ્રક માટેનું ધિરાણ ઃ જે ટેકસી અને ટ્રક ડ્રાઈવરો પોતોનું વાહન વસાવવા માંગતા તેવા ટેક્સી અને ટ્રક ડ્રાઈવરો ને બેંક તરફથી આવું ધિરાણ આપવામાં આવે છે. ટેકસી તથા ટ્રકની કિંમતના ૭૫ ટકા જેટલું મહત્તમ ધિરાણ બેંક તરફથી આપવામાં આવે છે. ટેક્સી અથવા ટ્રક હાઈપોથિકેટ કરાવી લેવામાં આવે છે. ધિરાણની રકમ ૪૦ માસિક હપતામાં પરત કરવાની હોય છે. કુશળ અને પ્રમાણિક ડ્રાઈવરોને એમનું વાહન વસાવવામાં સહાયભૂત થવા માટેની ધિરાણની આ પદ્ધતિ છે.

(૨) ધંધાદારી વ્યક્તિઓને ધિરાણ ઃ નાના વેપારીઓને અંગત જામીનગીરી પર અથવા તેમનાં માલના સ્ટોકના હાઈપોથિકેશન પર ૨ ૫૦,૦૦૦ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.

(૩) શૈક્ષણિક લોન ઃ વિદ્યાર્થીઓને ભારતમાં વ્યાવસાયિક અથવા કનિકલકોર્ષનો અભ્યાસ કરવા માટે ૭,૫૦,૦૦૦ સુધીની લોન આપવામાં આવે છે.ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ જનાર વિદ્યાર્થીને ૧૫,૦૦,૦૦૦ સુધીની લોન આપવામાં આવે છે. આવા ધિરાણ માટે સામાન્ય રીતે બેંકો કોઈ ભૌતિક મિલકતની જામીનગીરીનો આગ્રહ રાખતી નથી.
(૪) ટેકનોક્રેટ યોજના : ટેકનિકલ અથવા વિશિષ્ટ પ્રકારની તાલીમ પામેલા જુવાન સાહસિકો જેમની પાસે પોતાનો ધંધો શરૂ કરવા માટે જરૂરી નાણાંની સગવડ ન હોય તેવા લોકોને પોતાનો ધંધો શરૂ કરવામાં સહાયભૂત થવા માટે આ યોજના હેઠળ ધિરાણ આપવામાં આવે છે. આ યોજનામાં કાર્યશીલ મૂડી ઉપરાંત સાધનસામગ્રી ખરીદવા માટે ધિરાણ આપવામાં આવે છે. ધિરાણની રકમ ૬ ૨૫૦૦૦ થી ૨ બે લાખ સુધીની હોય છે.
(૫) ડેન્ટિસ્ટ અને ડોકટરોને ધિરાણ ઃ તાલીમ પામેલા જરૂરી લાયકાત ધરાવતા ડેન્ટિસ્ટો અને ડૉક્ટરોને તેમની પ્રેક્ટિસ શરૂ કરવા માટેની જરૂરી સાધનસામગ્રી ખરીદવા માટે બૅંકો વ્યાજબી રકમનું ધિરાણ કરે છે. બે કે તેથી વધુ ડૉકટરો ભેગા મળી નર્સિંગહોમ ખોલવા માગતા હોય અથવા એકસરે મશીન ખરીદવા માગતા હોય તો તેવા ડૉકટરોને પણ બેંક તરફથી ધિરાણ આપવામાં આવે છે. આવાં ધિરાણ માટે કોઈ જામીનનો આગ્રહ રાખવામાં આવતો નથી પણ બેંક ધિરાણની મદદથી ખરીદેલાં સાધન-સામગ્રી બેંક હાઈપોથિકેટ કરાવી લે છે.
(૬) નાના પાંચા પરના ઉધોગો માટે ધિરાણ : આ યોજના હેઠળ નાના પાયા પરના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે માટે જુદાજુદા પ્રકારનું ધિરાણ આપવામાં આવે છે. ૩ થી ૭ વર્ષની મુદત માટેનું ધિરાણ (term loan) આપવામાં આવે છે. કાચો માલ વગેરેનો સંગ્રહ કરવા માટે ૧ વર્ષની મુદતની અને ફરી રિન્યુ થઈ શકે તેવી ટૂંકી મુદતની લોન આપવામાં આવે છે. કાર્યશીલ મૂડી માટેનું ધિરાણ પ્લેજ, હાઈપોથિકેશન અથવા ઑવરડ્રાફટ દ્વારા કરવામાં આવે છે. આવું ધિરાણ ડોકયુમેન્ટરી હૂંડીઓ ખરીદી અથવા વટાવીને આપવામાં આવે છે.
(7) કૃષિ ધિરાણ કૃષિ ક્ષેત્રે સહાયભૂત થવા માટે બેંકો તરફથી ધિરાણની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં ખેડૂતોને પાક ઉગાડવા માટે ટૂંક મુદતની લોન ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓ ખરીદવા માટે ટૂંક મુદતની લોન, કૂવાઓ બોરવેલ ખોદાવવા માટે તથા ઈલેકટ્રીક પંપીંગ સેટ અને મોટર બેસાડવા માટે મધ્યન ગાળાની લોનનો સમાવેશ થાય છે. ખાતર અને જંતુનાશક દવાના વેપારીઓને ૫ જરૂરી માલ ખરીદવા, સંગ્રહ કરવા અને વહેંચણી કરવા માટે જોઈતાં નાણાનું ધિરાણ કરવામાં આવે છે.
(૮) પેકિંગ ક્રેડિટ (નિકાસકારને લોન) : નિકાસકારને જરૂરી કાચો માલસામાન ખરીદવ માટે, જરૂરી ઉત્પાદક પ્રક્રિયા કરવા માટે તેમજ તૈયાર માલ પૅક કરી જહાજ પર ચઢાવ માટે જોઈતાં નાણાંની સગવડ કરી આપવા માટે બેંક તરફથી આવું ધિરાણ આપવામાં આવે છે. સામાન્ય રીતે આવાં ધિરાણની મુદત ૯૦ દિવસ કરતાં વધારે હોતી નથી. વ્યાજનો દર પણ પ્રમાણમાં ઓછો હોય છે, જે નિકાસકાર પાસે ધિરાણનો નિશ્ચિત (કન્ફર્મ ઃ) ઓર્ડર હોય તેને જ આવું ધિરાણ આપવામાં આવે છે.
(૯) ડિફર્ડ પેમેન્ટ ગેરન્ટી (આયાતકારને લોન) : બેંકનો જે ગ્રાહક ડિફર્ડ પેમેન્ટ યોજના હેઠળ પ્લાન્ટ મશીનરી વગેરે આયાત કરવા માંગતો હોય તેનાં નિકાસકારને બેંક તરફથી આવી ગેરન્ટી આપવામાં આવે છે.બેંક ગેરન્ટી મળવાને કારણે નિકાસકાર ડિફર્ડ પેમેન્ટ સ્કીમ હેઠળ માલ મોકલી આપે છે. દેશમાંથી જ મૂડી સાધનો અને મશીનરી વગેરે ખરીદવા ઈચ્છતા ગ્રાહકોને પણ આવી ડિફર્ડ પેમેન્ટ ગેરન્ટીનો લાભ બેંકો તરફથી આપવામાં આવે છે.

(૨) હૂંડીઓ વટાવવી અને ખરીદવી (Purchase/Discounting of Bills of Exchange) :

(અ) હૂંડીઓ વટાવવી ઃ

ગ્રાહક પાસેની ભવિષ્યની તારીખે પાકતી હૂંડીંઓ અથવા પ્રોમિસરી નોટ સ્વીકારી બેંકર એના પર ધિરાણ આપે છે. આવી રીતે ધિરાણની રકમ નક્કી કરતી વખતે હૂંડીની મુદતના સંદર્ભમાં હૂંડીની રકમનું મુકરર કરેલા દરે વ્યાજ ગણી હૂંડીની રકમમાંથી તે કાપી લઈ બાકીની રકમ ગ્રાહકને ખાતે જમા કરવામાં આવે છે. આ હૂંડી અથવા પ્રોમિસરી નોટ પર જે દરે વ્યાજ ગણવામાં આવે છે તેને વટાવનો દર (Rate of discount) કહેવામાં આવે છે અને કાપી લીધેલી રકમને વટાવ કહેવામાં આવે છે. હૂંડી પર શેરા કરનારની શાખ અંગે

બેંકરે ખાતરી કરી લેવી જોઈએ. પ્રોમિસરી નોટ/હૂંડીની પાકયા તારીખે બેંકરને પ્રોમીસરી નોટ/હૂંડીની પૂરી રકમ મળે છે.

સામાન્ય રીતે હૂંડી લખ્યા તારીખથી ૯૦ દિવસની મુદતમાં પાકતી હૂંડીઓ (Usance Bill) બેંકરો વટાવે છે. એક કરતાં વધારે વ્યક્તિની આવી હૂંડી-પ્રોમિસરી નોટ પર સહી હોવાથી નકારના કિસ્સામાં તેઓ જવાબદાર બને છે અને આથી બેંકર આ રીતે હૂંડી વટાવી ધિરાણ આપવાનું પસંદ કરે છે. આવા પ્રકારનું ધિરાણ સામાન્ય રીતે તારણ વગરનું ધિરાણ હોય છે અને ગ્રાહકની શાખ, પ્રતિષ્ઠા પર જ આધાર રાખીને બેંકર આવું ધિરાણ કરે છે. હૂંડીના પક્ષકારો અને જેના તરફથી આવી હૂંડી વટાવવા માટે રજૂ થાય છે તેની શાખ, પ્રતિષ્ઠા ધ્યાનમાં લઈને બેંકર હૂંડી વટાવવા અંગેનો નિર્ણય કરે છે.

લોનનાં રૂપમાં આપવામાં આવતાં ધિરાણ પર લેવામાં આવતાં વ્યાજનાં દર કરતાં આ પ્રકારનાં ધિરાણમાં વ્યાજનો દર ઓછો લેવામાં આવે છે. કારણકે હૂંડી વટાવવામાં વ્યાજની રકમ પહેલેથી જ કાપી લેવામાં આવે છે. દા.ત., ર ૫,000ની હૂંડી વટાવવામાં આવે તો બેંકર ૪ ૫,000 કરતાં ઓછી રકમ ચૂકવે છે. આથી પણ વ્યાજનો દર નીચો હોય છે.

(બ) હૂંડી ખરીદવી (Bills Purchased) :

હૂંડી વટાવવાને બદલે બેંકર કેટલીક વાર હૂંડી ખરીદીને ધિરાણ આપે છે. સામાન્ય રીતે પ્રતિષ્ઠિત ગ્રાહક તરફથી રજૂ કરવામાં આવતાં ડોકયુપેન્ટરી બિલો જ બેંકર ખરીદે છે. જે બિલની સાથે માલની માલિકી હક્કના દસ્તાવેજો જેવાં કે બિલ ઑફ લેડિંગ અથવા રેલવે રસીદ કે ટ્રાન્સપોર્ટ કંપનીની રસીદ સામેલ હોય તેવાં બિલને ડોક્યુમેન્ટરી બિલ કહેવામાં આવે છે. કેટલીકવાર આવાં બિલનાં તારણ સામે બેંકર ઑવરડ્રાફટ કે કેશ ક્રેડિટ પણ મંજૂર કરે છે. બૅંકર બિલ ખરીદ્યાં પછી બિલની રકમમાંથી વટાવની રકમ કાપી લઈ બાકીની ક્રમ ગ્રાહકને ખાતે જમા કરે છે અને એ બિલ વસૂલાત માટે એની શાખા પર મોકલી આપે છે. આવા બિલના નાણાં માંગે એટલે તરત જ (on demand) ચૂકવવાનાં હોવાથી બેંકરને મ ભંડોળનાં રોકાણનું આ એક ઉપયોગી સાધન છે. બેંકર આવું બિલ ખરીદતો હોવા છતાં પ તે એનાં ધિરાણ સામેનાં તારણ તરીકે જ એ ધરાવે છે. જો આવું બિલ નકારાય તો બેંકર સંબંધિત પક્ષકારો સામે પગલાં લઈ શકે છે એટલું જ નહીં પણ બિલની સાથે સામેલ કરેલ દસ્તાવેજોમાનાં માલ પર તે પ્લેજનો અધિકાર પણ મેળવે છે.

આ પ્રકારનું ધિરાણ આપવામાં બૅંકરને નીચેનાં ફાયદા થાય છે :

૧. એના નાણાંની વસૂલાત અંગે તે નિશ્ચિંત રહે છે. હૂંડીનાં નાણાં પામ્યા તારીખે મળી જાય છે. જો હૂંડી નકારાય તો પણ હૂંડી લખનાર અથવા તેના પર શેરો કરનાર પાસે બેંકર હૂંડીનાં નાણાં વસૂલ કરી શકે છે.

૨. ધિરાણની મુદત નિશ્ચિત હોય છે. ધિરાણની મુદત હૂંડીની મુદત જેટલી જ હોય છે. ૩. હૂંડીઓને ઘણી તરલ મિલકત ગણવામાં આવે છે. જરૂરિયાતનાં પ્રસંગે તે રિઝર્વ બેંક પાસે પુનઃ વટાવી શકાય છે.

૪. હૂંડીની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી.

૫. પ્રમાણમાં વ્યાજનો દર વધારે મળે છે.

૬. નવાં ગ્રાહકનાં ખાતાં બેંકને મળે છે.

પણ બેંકરે હૂંડી વટાવતી વખતે ધ્યાનમાં રાખવું જોઈએ કે વટાવવા માટે રજૂ કરવામાં આવેલી હૂંડી વેપારી હૂંડી જ છે અને સગવડી હૂંડી નથી. હૂંડી વ્યવસ્થિત રીતે લખાયેલી હોવી જોઈએ. અને તેનાં પર પૂરતો સ્ટામ્પ હોવો જોઈએ. હૂંડી લખનાર, સ્વીકારનાર અને તેના પર શેરા કરનારની શાખ અંગે તેણે ખાતરી કરી લેવી જોઈએ.

[7] માર્જિન અથવા ગાળો (Margin) :0

બેંક પાસેથી ધિરાણ મેળવવા માટે ગ્રાહક જે જામીનગીરીઓ તારણમાં મૂકે છે તેની પૂરેપૂરી કિંમત જેટલું ધિરાણ કોઈ પણ બેંકર આપતો નથી. દા.ત., ૨ ૨૫,000ની જામીનગીરી તારણમાં મૂકવામાં આવી હોય તો બેંકર કોઈ પણ દિવસ આ જામીનગીરી પર ૨૫,00 ધિરાણ આપશે નહીં. ધારો કે, બેંકર આવી જામીનગીરીનાં તારણ પર ૨ ૨0,000નું ધિરાણ આપે તો જામીનગીરીની કિંમત ૬ ૨૫,000 અને ધિરાણની રકમ ૬ ૨0,000 વચ્ચેનો તફાવત ૬ ૫,000 અથવા ૨0 ટકા એ ગાળો અથવા માર્જીન કહેવાય. શેડિબેન્ચર જેવી જામીનગીરી પર બેંકર તેની બજાર કિંમતના ૬0 ટકા જેટલી રક્તનું ધિરાણ કરે છે. આમ જામીનગીરીમાં બેંકર ૪0 ટકા માર્જીન રાખે છે એમ કહેવાય. આમ જામીનગીરીની કિમ અને ધિરાણની રકમ વચ્ચેનો તફાવત એટલે માર્જિન. બેંકર નીચે મુજબનાં કારો જામીનગીરીના તારણ પર ધિરાણ કરતી વખતે માર્જીન રાખે છે :

૧. જામીનગીરીની કિંમતમાં વધઘટ થયા કરે છે. ધિરાણ કરતી વખતે જામીનગીરીની બજાર કિંમત હોય તે હંમેશા એની એ નહીં પણ રહે.

2. જામીનગીરીનાં ભાવમાં ફેર નહીં પડે તો પણ જથ્થામાં ઘટ પડે. માલની ગુણવત્તા ૫ જાય અને એને કારણે જામીનગીરીની કિંમતમાં પટડો થાય.

૩ જો ગાહક વ્યાજની રકમ નિયમિત ચૂકવે તો ધિરાણની રકમમાં વધારો થાય છે.

૪. ધિરાણની રકમ વસૂલ કરવા માટે જામીનગીરી વેચવાનો પ્રસંગ ઊભી થાય તો જામીનગીરીની પુરી રકમ નહી પણ ઉપજે. વળી જામીનગીરીનું વેચાણ કરી લેત્રી રકમ થસૂલ કરવા અંગેની કાર્યવાહી કરવાનો ખર્ચ પણ બેંકરે જ ભોગવવો પડે છે.

૫. એક નિયમ તરીકે બેંકરે ગ્રાહકની પૂરેપૂરી નાણાંકીય જરૂરિયાત પૂરી પાડવી જોઈએ નહીં. ગ્રાહકનું પોતાનું જો ધંધામાં રોકાણ હોય તો જ એને ધંધામાં શિત (state) હે છે અને ધંધો સફળતાથી ચાલે તે માટે દિલ દઈને કામ કરે છે. જેથી તે સમયસર લોન પરત ભરપાઈ કરી શકે.

આવા કારણોસર બેંકર જામીનગીરીની પૂરેપૂરી રકમ ધિરાણ તરીકે આપતી નથી. ભાવમાં વધઘટ, જામીનગીરીની વેચાણપાત્રતા (marketability). સ્ટોરેજ કરવાને કારણે વજન- જલ્લામાં પડતી પઢ, આગ લૂંટાટ જેવાં ભયથી નુકશાન થવાનો સંભવ જેવાં જુદા જુદા પરિબળોને કારણે જુદાં જુદાં પ્રકારની જામીનગીરીઓ માટે માર્જીનનો દર જુદોજુદો રહે છે. માર્જીનનાં દરનો આધાર ગ્રાહકની શાખપાત્રતા પર પણ રહે છે. રિઝર્વ બેંક તરફથી જુદી જુદી જાતનાં ધિરાણ માટેનાં માર્જીન અંગે વખતોવખત જે આદેશ આપવામાં આવે છે તે આદેશ દરેક બેંકને બંધનકર્તા રહે છે.

[૮] મિલકત પર બોજો ઊભો કરવાની પદ્ધતિ (Modes of Creating Charges) : આપણે આગળ જોઈ ગયાં તે પ્રમાણે બેંકર ધિરાણ કરતી વખતે ગ્રાહકના ચારિત્ર્ય (Character), શકિત (capacity) અને મૂડી (capltal) અંગે ખાસ ધ્યાન રાખે છે. બેંકર જાહેર જનતાનાં નાણાંનું ધિરાણ કરતો હોવાથી નાણાંની સલામતી અંગે તે કોઈ જોખમ લઈ શકે નહીં. જો ધિરાણ કરતી વખતે ગ્રાહકની કોઇપણ મિલક્ત તારણમાં લીધા વગર પિરાણ આપે તો તેને અરક્ષિત પિરાણ કહેવાય. જો ગ્રાહક ધિરાણની રકમ પરત કરવામાં કસૂર કરે તો બેંકર પાસે કોઇ ભૌતિક મિલકત તારણમાં નહીં હોવાથી પિરાજાની વસૂલાતનું કાર્ય મુશ્કેલ બને છે, આથીજ બેંકર ધિરાણ કરતી વખતે ગ્રાહકની કોઈ ભૌતિક મિલકત તારણમાં મૂકવામાં આવે એવો આગ્રહ રાખે છે. જો ગ્રાહક ધિરાણની રકમ પરત કરવામાં કસૂર કરે તો એ મિલકત વેચીને બેંકર એનાં નાણાં વસૂલ કરી શકે. આવાં ધિરાણને રક્ષિત ધિરાણ કહેવામાં આવે છે. પિરાન્ન સામે તારણમાં મૂકવામાં આવેલી જામીનગીરી પર જ્યાં સુધી બેંકરનો યોગ્ય બોજો (charge) ઊભો કરવામાં નહી આવે ત્યાં સુધી મુશ્કેલીના સમયમાં બેંકરને એ જામીનગીરીનો લાભ મળી શકતો નથી. ૧૯૪૯ના બૈંકિંગ નિયમન ધારાની કલમ ૫ મુજબ રક્ષિત ધિરાણ એટલે એવું ધિરાણ જે એવી મિલકતના તારણ સામે કરવામાં આવ્યું હોય જેની બજાર કિંમત કોઇપણ સમયે

લોનની રકમ કરતા ઓછી ન હોય. બોજો એટલે ગ્રાહકની ભૌતિક મિલકત પરનો બેંકરનો અધિકાર, એ એક પ્રકારનો કાનૂની વ્યવહાર છે, જે દ્વારા બેંકરને અમુક કાયદેસરનાં અધિકાર મળે છે. જામીનગીરીના પ્રકારના સંદર્ભમાં બોજો ઊભો કરવાની જુદી જુદી પદ્ધતિઓ છે. દરેક પ્રકારના બોજાની કાયદેસરની અસર જુદી જુદી હોય છે. ગ્રાહકની ભૌતિક મિલકત ઉપર ઊભા કરવામાં આવતા બોજાના બે પ્રકાર છે :

બોજાના પ્રકાર :

(૧) સ્થાથી બીજો (Fixed charge-crystallsed charge)

(૨) નરતો બોજો (Floating eharge)

સ્થાયી બોજો જમીન-મકાન, કારખાનું મકાન, પ્લાન્ટ-મશીનરી જેવી ચોક્કસ સ્થા મિલકત પર ઊભો કરવામાં આવે છે. રજિસ્ટ્રેશન કાર્ડમાં દર્શાવેલ મિલકત પરનો એ ચોક્ક (specific) બોજો છે. તે ચોક્કસ પ્રકારની મિલકત પરનો બોજો હોવાથી તેને crystallsex charge પણ કહેવામાં આવે છે. જે મિલક્ત પર આવો સ્થાયી બોજો ઊભો કરવામાં આવ્ય હોય તે મિલકત ધંધાના સામાન્ય વ્યવહારમાં ગ્રાહક વેચી શકતો નથી. આવો બોજો કાયદેસરન ગીરો દ્વારા અસ્તિત્વમાં આવે છે અને એના પછીના કોઈ પણ ગીરો રાખનારને બેંક પર અગ્રિમતા (priority) મળતી નથી. વીર

સ્ટોક, ચાલુ કામ જેવી વારંવાર વપરાતી મિલકત પર ઊભા કરવામાં આવતા બોજાને તરતો બોજો (Floating charge) કહેવામાં આવે છે. જ્યાં સુધી તરતા બોજાનું સ્થિર બોજામાં રૂપાંતર ન થાય ત્યાં સુધી ગ્રાહક રોજિંદા વ્યવહારમાં તે મિલકતની લેવડ-દેવડ કરી શકે છે. તરતો બોજો કોઈ ચોક્કસ મિલકતને લાગુ પડતો નથી. આથી ગ્રાહક ધંધાના સામાન્ય વ્યવહારમાં મિલકત વેચી શકે છે. તરતો બોજો હાલની અને ભવિષ્યની મિલકત પર ઊભી કરવામાં આવે છે. સ્ટૉક જેવી ધંધાના સામાન્ય વ્યવહારમાં બદલાતી રહેતી મિલકત પર આવી બોજો ઊભો કરવામાં આવે છે. જ્યાં સુધી બોજાનો અમલ કરવા માટે બેંક તરફથી પગલાં લેવામાં ન આવે ત્યાં સુધી વેપાર ધંધાના સામાન્ય વ્યવહારમાં ગ્રાહક આવી મિલકતનું વેચાણ કરી શકે છે. ગ્રાહક ધિરાણની રકમ પરત કરવામાં કસૂર કરે અને પોતાના લેણાની વસુલાત માટે મિલકત વેચવાનાં ઉદ્દેશથી બૅંકર તે મિલકતનો કબજો લેવાનો પ્રયત્ન કરે એટલે તરતો બોજો સ્થિર બોજો બની જાય છે.

બોજો ઊભો કરવાની પદ્ધતિઓ (Modes of ereating charge) : ગ્રાહકની ભૌતિક મિલકત પર બોજો ઊભો કરવાની વિવિધ પદ્ધતિઓ નીચે મુજબ દર્શાવી શકાય ઃ (૧) બેઇલમેન્ટ (Bailment) (૫) હક્કગીરો-મોર્ટગેજ (Mortgage)

(૨) માલગીરો અથવા પ્લેજ (Pledge) (૬) બાંહેધરી અથવા ગેરન્ટી (Guarantee) (૩) કબજાહક્ક અથવા લિયન (Lien) (૭) હક્કબદલો-એસાઈનમેન્ટ (Assignrnent) (૪) હાઈપોથિકેશન (Hypothecation)

હવે આપણે આ પદ્ધતિઓની ટૂંકમાં ચર્ચા કરીશું.

(૧) બેઇલમેન્ટ (નિક્ષેપ) (Bailrnent) :°

બેઈલમેન્ટ શબ્દ મૂળ ફ્રેન્ચ શબ્દ ballier પરથી બન્યો છે. જેનો અર્થ આપવું એમ ધાત્ર છે. ભારતીય કરાર ધારાની કલમ ૧૪૮ની જોગવાઇ અનુસાર “બેઇલમેન્ટના કરારમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને કોઇ ઉદ્દેશ માટે માલની ડિલીવરી એવા કરારથી આપે છે કે ઉદ્દેશ પૂરો થતા સદરહુ માલ ડિલીવરી આપનાર વ્યક્તિને પરત કરવો અથવા તેની સૂચના મુજબ તે માલનો નિકાલ કરવો."

જે વ્યક્તિ માલની ડિલીવરી આપે છે તે વ્યક્તિને બેઇલોર (નિક્ષેપતા) Bailor કહેવાય્ છે. જે વ્યક્તિને માલ આપવામાં આવે છે તે વ્યક્તિને બેઇલી (નિક્ષેપી) Bailee કહેવાય છે કલમ ૧૪૮ માં આપેલી સમજૂતી મુજબ કોઈ વ્યક્તિએ માલ આપ્યો હોય ત્યારે બેઇલમેન્ત્ તરીકે નહીં આપ્યો હોય પરંતુ જે વ્યક્તિ પાસે આવો માલ હોય તે વ્યક્તિ માલિકના વતી

બેઇલમેન્ટ તરીકે તે રાખવા કબૂલ થાય તો માલ લેનાર અને આપનાર વચ્ચે બેઇલી – ૧૩૫ બેઇલોરનો સંબંધ અસ્તિત્વમાં આવે છે. જેની પાસે માલ હોય તે વ્યક્તિ બેઇલી અને માલ આપનાર વ્યક્તિ બેઇલાર ગણાય.

બેઇલમેન્ટના કરારના લક્ષણો :

૧. માલની ડિલીવરી આપવી ઃ એક વ્યક્તિ બીજી વ્યક્તિને માલ આપે એ જરૂરી છે. બ્રેઇલમેન્ટમાં માલનો કબ્જો બદલાય છે. માલની માલિકી નહીં. માલની ડિલીવરી પ્રત્યક્ષ અથવા પરોક્ષ (અનુમાનિત – Constructive) હોય દા.ત. માલના ગોડાઉનની ચાવી આપવામાં આવે.

૨. માલ કોઇ ચોક્કસ ઉદેશથી આપવામાં આવે દા.ત. દાગીના બનાવવા માટે સોનીને સોનું આપવામાં આવે.

૩. માલ પરત કરવો ઃ જે ઉદ્દેશથી માલ આપવામાં આવ્યો હોય તે ઉદ્દેશ પૂરો થાય એટલે બેઇલીએ તે માલ બેઇલોરને પરત કરવાનો હોય છે અથવા તેની સૂચના અનુસાર તેની વ્યવસ્થા કરવાની હોય છે. જો બેઇલીએ માલ પરત કરવાનો ન હોય પરંતુ તેના નાણાં બેઇલોરને ચૂકવવાના હોય તો તે બેઇલમેન્ટનો નહીં પણ માલ વેચાણનો કરાર ગણાય છે. બેઇલમેન્ટના કરારમાં બેઇલીએ એના એજ સ્વરૂપમાં બેઇલોરને માલ પરત કરવો પડે એ જરૂરી નથી. સ્વરૂપ બદલાય પણ જાય. દા.ત. સોનીને દાગીના ઘડવા માટે સોનું આપવામાં આવ્યું હોય તો સોનાને બદલે દાગીના પરત કરવામાં આવે.

બેઇલમેન્ટના પ્રકાર : બેઇલમેન્ટનો કરાર જૂદી જૂદી અનેક રીતે થઇ શકે. ૧. કોઇ વસ્તુ બીજી વ્યક્તિને ભાડે આપવામાં આવે - દા.ત., સાઇકલ ભાડે આપવામાં આવે. ૨. માલ પર કોઇ પ્રક્રિયા કરવા માટે બેઇલીને માલ આપવામાં આવે દા.ત. કપડાં સીવવા

માટે કાપડ દરજીને આપવામાં આવે.

૩. કામચલાઉ વપરાશ માટે કોઇ વ્યક્તિને બેઇલોરની માલિકીની વસ્તુ આપવામાં આવે. દા.ત. પોતાની માલિકીની મોટર મિત્રને વાપરવા માટે આપવામાં આવે.

૪. કોઇ વસ્તુ અન્ય વ્યક્તિને સાચવવા માટે આપવામાં આવે : દા.ત. બહારગામ જતી વખતે પોતાની કિંમતી વસ્તુ મિત્રને સાચવવા આપવી.

૫. નાણાં ઉછીના લેવા માટે માલ ગીરો મુકવામાં આવે (pledge) ત્યારે બેઇલમેન્ટનો કરાર થયેલો ગણાય. દા.ત. કોઇ કિંમતી વસ્તુ ગીરો મુકી નાણાં ઉછીના લેવા. બેંકર જ્યારે બેઇલમેન્ટના કરારના આધારે ધિરાણ કરે છે ત્યારે માલ બગડે નહીં કિંમતમાં ઘટાડો નહીં થાય એ રીતે સેઇફ કસ્ટડીમાં રાખવાની બેંકરની ફરજ બને છે અને પિરાણની રકમ પૂરેપૂરી ચૂકવાઇ જાય એટલે એ માલ પરત કરવાની એની ફરજ છે. નીચેની શરતોનું પરિપાલન થાય એટલે બેઇલમેન્ટનો કરાર પૂરો થયેલો ગણાય :

૧. બ્રેઇલમેન્ટ હંમેશા કરાર પર આધારીત હોય છે. ૨. દેરહેર થઇ શકે એવી વસ્તુનુંજ બેઇલમેન્ટ થઇ શકે. પણ કાયદેસરનું નાણું (ચલણી નાણાં કરન્સી નોટ) બેઇલમેન્ટ તરીકે આપી શકાય નહી.

૩. બેઇલમેન્ટના કરારથી બેઇલીને માલની કામચલાઉ ફેરબદલી જ કરવામાં કરવામાં આવેલું છે
૪. માલની ડિલીવરી પ્રત્યક્ષ અથવા અનુમાનિત હોઇ શકે.

૫. જે ઉદ્દેશ માટે માલની ડિલીવરી કરવામાં આવી હોય તે ઉદ્દેશ પૂરો થાય એટલે બેઇલમેન્ટ તરીકે આપેલો માલ પરત કરવાનો હોય છે અથવા બેઇલોરની સૂચના અનુસાર તેનો નિકાલ કરવાનો હોય છે. (૨) માલ ગીરો અધિકાર અથવા જંગમ મિલકતનો કબજા સાથેનો ગીરો-પ્લેજ (Pledge;

જંગમ મિલકતનાં કબજા સાથેનાં ગીરોમાં એક વ્યકિત દ્વારા બધો માલ અથવા માલના માલિકી હક્કના દસ્તાવેજો, દેવા સામેનાં તારણ તરીકે, એના પર બોજો ઊભો કરવાના ઈરાદાથી બીજી વ્યક્તિને આપવામાં આવે છે. દેવું ભરપાઈ થઈ જાય અથવા વચનનું પાલન થઈ જાય એટલે માલ અથવા માલિકી હક્કના દસ્તાવેજો માલિકને પરત કરવાના હોય છે. ભારતીય કરાર ધારાની કલમ-૧૭૨માં પ્લેજની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે . “દેવું ચૂકવવા માટે અથવા વચનનું પાલન કરવા માટેનાં તારણ તરીકે માલ અગર વસ્તુનું બેઈલમેન્ટ કરવામાં આવે ત્યારે તે પ્લેજ કહેવાય.”

જે વ્યક્તિ તારણ તરીકે જામીનગીરી આપે છે તેને ગીરો આપનાર પૉનર (Pawnor) અથવા પ્લેજર (pledger) કહેવામાં આવે છે અને જે વ્યક્તિ માલ ગીરો લે છે - બેઇલીને ગીરો લેનાર (pawnee) અથવા પ્લેજી (pledgee) કહેવામાં આવે છે.

દા.ત., અ પોતાનો ૨ ૧૦,000 નો સોનાનો હાર જામીનગીરી તરીકે આપી બ પાસેથી ર ૬,000 ઉછીના લે તો તે પ્લેજનો વ્યવહાર કહેવાય. અ પૉનર કહેવાય અને બ પૉની કહેવાય.

ભારતીય કરાર ધારાની કલમ-૧૪૮ની જોગવાઈ મુજબ “બેઈલમેન્ટનાં કરારમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને કોઈ ઉદ્દેશ માટે માલની ડિલિવરી એવા કરારથી આપે છે કે ઉદ્દેશ પૂરો થતાં સદરહુ માલ ડિલિવરી આપનાર વ્યક્તિને પરત કરવો અથવા તેની સૂચના મુજબ તે માલનો નિકાલ કરવો.”

ઉપરની બે વ્યાખ્યા તપાસતા માલૂમ પડશે કે જ્યારે દેવું ચૂકવવા માટે અથવા વચ પાલન કરવા માટેના તારણ તરીકે એક વ્યક્તિ બીજી વ્યક્તિને માલ અથવા વસ્તુ આપે ત્યારે તે પ્લેજ કહેવાય.

બેઇલમેન્ટ અને પ્લેજ વચ્ચેનો તફાવત ઃ પ્લેજ પણ એક ખાસ પ્રકારનું બેઇલમેન્ટ આપવામાં આવે છે અને છે બન્નેમાં અમુક ઉદ્દેશ માટે માલનો કબજો સામા પક્ષકારને ઉદ્દેશ પૂરો થાય એટલે માલ મૂળ માલિકને પરત કરવાનો હોય છે. પરંત બન્ને વચ્ચે કેટલો તફાવત છે.

૧. બેઇલમેન્ટમાં કોઇપણ હેતુ માટે માલની ડિલીવરી આપી શકાય છે જ્યારે પ્લેજમાં ખાત હેતુ માટે માલના કબજાની સોંપણી છે.

૨. બેઇલેમેન્ટમાં બેઇલીને માલ માટે લિયનનો અધિકાર છે. તેને માલ વેચવાનો આફ્રિકા નથી. પરંતુ પ્લેજમાં અમુક સંજોગોમાં ગીરો લેનાર પોનીને માલ વેચવાનો અધિકાર મળે છે.

૩. બેઇલીને માલનો કબ્જાહક્ક જ મળે છે. જ્યારે પ્લેજના કિસ્સામાં પોનીને ગીરો મિલ્કતમાં ખાસ હક્ક મળે છે.

કાયદેસરનો પ્લેજ અમલમાં આવે તે માટે નીચેની શરતોનું પાલન થવું જરૂરી છે ઃ ૧. માલનું બેઇલમેન્ટ થયેલ હોવું જોઇએ. જંગમ મિલકતના કબજાની ફેરબદલી થવી જોઈએ. સ્થાવર મિલકત પ્લેજમા આપી શકાય નહીં. માલનાં માલિકી હક્કની ફેરબદલી થતી નથી. માલની માલિકી તો ગીરો મૂકનારની જ રહે છે.

૨. જે વસ્તુ ગીરો મુકવાની હોય તે વસ્તુનો કબ્જો ગીરો લેનારને સોંપવાનું જરૂરી છે. માલનો ભૌતિક કબજો આપવામાં આવે અથવા માલની માલિકીને લગતા દસ્તાવેજો આપવામાં આવે દા.ત., રેલવે રસીદ, બીલ ઑફ લેન્ડિંગ અથવા જે ગોડાઉનમાં માલ રાખવામાં આવ્યો હોય તેની ચાવી આપવામાં આવે.

૩. આવી ફેરબદલી દેવું ભરપાઈ કરવાના અથવા વચન પાલન કરવા માટેના તારણ તરીકે થયેલી હોવી જોઈએ.

૪. ગીરો આપનાર વ્યક્તિનો કબજો કાયદેસરનો હોવો જોઈએ. દા.ત. શેઠની માલિકીની વસ્તુનો ભૌતિક કબજો ધરાવનાર નોકર તે વસ્તુ પ્લેજ તરીકે આપી શકે નહીં. પ્લેજની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ કે જંગમ મિલકતને પ્લેજ તરીકે મૂકી શકાય. ચલણી નાણું પ્લેજ તરીક મૂકી શકાય નહીં.

માલ કઇ વ્યક્તિ ગીરો મુકી શકે? (Who Can Pledge the goods) : ૨. માલિકનો મર્કન્ટાઇલ એજન્ટ - ભારતીય કરાર ધારાની કલમ ૧૭૮ની જોગવાઇ મુજબ.

૧. માલનો માલિક પોતે.

૩. સંયુક્ત માલિકો પૈકીનો કોઇ પણ માલિક બીજા માલિકની સંમતિથી. ૪. જો કોઇ વ્યક્તિ દગાથી અથવા ખોટી રજૂઆતથી અથવા દાબ-દબાણથી કે અયોગ્ય લાગવગથી માલનો કબજો મેળવે તો માલના સાચા માલિકની મુન્સફી અનુસાર તે કરાર રદ કરવાને પાત્ર (voidable) બને છે. પરંતુ જો નીચેની શરતોનું પાલન કરવામાં આવ્યું

હોય તો કબજેદારને કાયદેસરનો પ્લેજનો અધિકાર મળે છે. (અ)પ્લેજનો કરાર કરવામાં આવ્યો નહીં હોય તે પહેલાં રદ કરવામાં આવ્યો નહીં હોય. (બ) ગીરો લેનાર પ્લેજી આવો માલ શુદ્ધ દાનતથી અને પોનોરના ખામી ભરેલા અધિકારની જાણ વગર લે.

૫. જો કોઇ ખરીદનાર માલ ખરીદ્યા પછી માલ અથવા તેના અધિકાર પત્રો (documents of title) વિક્રેતા પાસે રહેવા દે અને વિક્રેતા શુદ્ધ દાનતથી વર્તે અને ગ્રાહકને વેચેલા માલ અંગે તેને માહિતી ન હોય તો તે કાયદેસરનો પ્લેજ કરી શકે છે (ગીરો મુકી શકે છે) તેજ પ્રમાણે જે ગ્રાહકને વિક્રેતાની સંમતિ વગર કબજો મળ્યો હોય તે ગ્રાહક માલના અધિકાર તેને મળે તે પહેલા માલનો કાયદેસરનો પ્લેજ કરી શકે છે (ગીરો મુકી શકે છે).

૬. માલમાં મર્યાદિત હિત ધરાવનાર વ્યક્તિ : ગીરો રાખનાર પોતે તે માલ ફરી પ્લેજ તરીકે મુકી શકે છે પણ આવી રીતે ગીરો રાખેલા માલમાં તેને જેટલો અધિકાર હોય તેટલા પૂરતો જ તે કાયદેસર ગણાય છે.